
Anoopam Mission
॥ સ્વામિશ્રીજી ॥
# બ્રહ્મનિર્ઝર
જે બ્રહ્મને જાણે તે પરમને પામે
જાન્યુઆરી-૨૦૨૪ * વર્ષ ૩૮ * અંક ૧૦



ઉપાસના ધામ, અનુપમ મિશન, શિણાય-કચ્છમાં નવનિર્મિત મંદિરજીમાં પ્રતિષ્ઠિત
શ્રી ઠાકોરજી મહારાજ અને ગુણાતીત સ્વરૂપોને અનંત વંદન !



# અનાદિ અક્ષરબ્રહ્મ
# શ્રી ગુણાતીતાનંદ સ્વામીજીનો દીક્ષા મહોત્સવ :
# પૃથ્વી પર પ્રગટની ઉપાસનાનો પ્રથમ મહોત્સવ

સ્વામિશ્રીજી

વિક્રમ સંવત ૨૦૮૦,

પોષ માસના શુક્લ પક્ષની પૂર્ણિમા-અનાદિ અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીજી મહારાજનું ૨૧૫મું મહાદીક્ષા પર્વ !

ચારુતર ભૂમિનું રળિયામણું ગામ ડભાણ. ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વયં ગામ ડભાણને પસંદ કર્યું.

એક મહાયજ્ઞનો આદર કર્યો, હજારો સંતો-હરિભક્તો અને વિદ્વાન બ્રાહ્મણો પધાર્યા, અને

એક મહાયજ્ઞની સંપન્નતાએ ભાદરાના મૂળજી શર્માને ભગવાન શ્રી સ્વામિનારાયણે મહાદીક્ષા આપી !

મહાદીક્ષા પ્રાપ્ત કરી 'સાધુ નિર્ગુણાનંદ' નામ ધારણ કરનાર પ્રભુના એ પરમ દિવ્ય ચૈતન્યની ઓળખાણ કરાવતાં

સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણે કહ્યું, 'આજે આ મૂળજી શર્માને દીક્ષા આપતાં અમને અત્યંત પ્રસન્નતા થાય છે.

તેઓ અમારું અધો-ઊર્ધ્વ અક્ષરધામ છે. તેઓમાં અમે અખંડ નિવાસ કરીને રહીએ છીએ...!'

સમયના મહાપ્રવાહમાં વિશિષ્ટ, છતાં સામાન્ય લાગતી આ ઘટના કોઈ સામાન્ય મનુષ્યની મહાદીક્ષાની ઘટના નહોતી.

ભાદરાના મૂળજી શર્મા કોઈ સામાન્ય ખેડૂત નહોતા.

તેઓ તો સાક્ષાત્ અક્ષરધામ હતા. પરબ્રહ્મના પરમ દિવ્ય તત્ત્વને ધારણ કરનાર અક્ષરબ્રહ્મ હતા. અનાદિ અક્ષરબ્રહ્મ હતા !

તેથી જ, નિશ્ચિત સમયે સાક્ષાત્ પરબ્રહ્મ સ્વયં મૂળજી શર્માને દિવ્ય દર્શન આપી કહે છે :

'મૂળજી ! શું કરવા આવ્યા છો, અને શું કરી રહ્યા છો !'

તે જ ક્ષણે ખેતરમાં પાણી વાળતા મૂળજી શર્મા પાવડો ફગાવી ગઢપુરની વાટે ચાલી નીકળે છે. અને, તે પછીનો ઘટનાક્રમ તો દિવ્ય ઇતિહાસ છે.

ડભાણમાં મૂળજી શર્માને દીક્ષા આપતાં ભગવાન શ્રી સ્વામિનારાયણે જે દિવ્ય પરાવાણી ઉચ્ચારી,

પોતાના અક્ષરધામ સ્વરૂપ અનાદિ અક્ષરબ્રહ્મ રૂપે સાધુ નિર્ગુણાનંદ-શ્રી ગુણાતીતાનંદ સ્વામીજીની ઓળખાણ કરાવી તે ઘટના અને શબ્દો

આ પૃથ્વીના આધ્યાત્મિક ઇતિહાસમાં ઘટતી સર્વપ્રથમ પરમ દિવ્ય ઘટના હતી. એ કોઈ સામાન્ય ઓળખાણ નહોતી.

એ ઓળખાણ દ્વારા ભગવાન શ્રી સ્વામિનારાયણે આ પૃથ્વી ઉપર **પ્રગટની ઉપાસનાનાં** બીજ વાવ્યાં.

આ ધરાતલ પર સાક્ષાત્ પરબ્રહ્મ તત્ત્વ સદેહે 'સહજાનંદ સ્વામી' નામ ધારણ કરી પધાર્યા

**તે જ પરબ્રહ્મ તત્ત્વ શાશ્વત કાળ પર્યંત આ ધરાતલ પર સદેહે સાધુ રૂપે અખંડ પ્રગટ છે, અને રહેશે.**

તેવાં સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણે અભય વચન આપ્યાં.

તેથી, અનાદિ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીજીના દીક્ષા મહોત્સવનો મહિમા વિશેષ છે.

આ દીક્ષા મહોત્સવ અક્ષરે સહિત પુરુષોત્તમની પ્રગટ ઉપાસનાનો દ્યોતક મહોત્સવ છે.

**અક્ષરધામરૂપ સાધુમાં પરબ્રહ્મ તત્ત્વ સાંગોપાંગ અને અખંડ નિવાસ કરીને રહે છે, તે**

**પરમ ગૂઢાર્થની મર્મસભર આધ્યાત્મિક વાતના રહસ્યને સર્વજન તથા મુમુક્ષુઓ-સાધકો-ઉપાસકો માટે સુલભ બનાવતો મહોત્સવ છે.**

આજે, અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મનાં અદ્વય તત્ત્વ, કહેતાં અક્ષરપુરુષોત્તમનાં પરમ તત્ત્વ જેમનામાં સાંગોપાંગ અને અખંડ પ્રગટ છે

તેવા સત્પુરુષ આપણને ગુરુહરિ સંતભગવંત સાહેબજી રૂપે પ્રાપ્ત થયા છે.

પોષી પૂર્ણિમાનો આ ઉત્સવ ગુરુહરિરૂપ થવાનો ઉત્સવ છે, 'હું' અને 'મારા દેહ'ના ભાવમાંથી

સ્વયંમાં પ્રગટ અક્ષર તત્ત્વના સાક્ષાત્કારને પામી અક્ષરરૂપ થઈ પરબ્રહ્મ સ્વરૂપ ગુરુહરિના કાર્યના દિવ્ય વાહક બનવાનો ઉત્સવ છે !

**આ ઉત્સવ તો સ્વયંમાં બ્રહ્મજ્યોતિ પ્રગટાવવાનો ઉત્સવ છે ! મંદિરરૂપ થવાનો ઉત્સવ છે !**

~ સા.શ્રી...

**~ સાધુ મનોજદાસ**





સ્વામિશ્રીજી

### સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

**શ્રી યોગી યુવા ગ્રીષ્મ શિબિર-૨૦૨૩**
**૨૮ મે ૨૦૨૩, પ્રજ્ઞાનતીર્થ, મોગરી**

**શિબિરના** આઠ દિવસ પૂરા થઈ ગયા ખબર જ ના પડી ! આજે બધાં બોલ્યાં એમાં બાળમંડળના બે સભ્યો ખૂબ સુંદર બોલ્યા. કેટલી બધી ટૅલેન્ટ છે ! નાના છે છતાં પણ શિબિરમાં કેટલું બધું પ્રાપ્ત કર્યું છે ને શું પકડ્યું છે એનું દર્શન એ લોકોએ કરાવ્યું. યુવાનોએ પણ કરાવ્યું. આટલી નાની ઉંમરમાં આવાં સુંદર વક્તવ્ય અને શ્રી સ્વામિનારાયણ ભગવાન ને શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજે જે ઉપાસના પદ્ધતિ પ્રવર્તાવી, એ આ ઉંમરે તેઓ સમજ્યા છે ; મારું તો મસ્તક નમી ગયું ! અમે નાના હતા ત્યારે તો આવી કાંઈ ખબર નહોતી. તમે પૂર્વના જબરજસ્ત મુક્તો છો !

અત્યારે ધોરણ-૧૨નું રિઝલ્ટ બહાર પડ્યું ; તો, મૅડિકલ કૉલેજમાં કોણ જઈ શકે ? જેના ૯૦-૯૫ ટકા ઉપર માર્ક્સ હોય એ મૅડિકલ કૉલેજમાં જાય. ૫૦ ટકા માર્ક્સવાળા ડૉક્ટર થવાના વિચાર કરે તો પણ એમનો પત્તો જ ના પડે. એમ, અનંત જન્મોનાં પુણ્ય હોય, માતા-પિતાના આશીર્વાદ હોય, ભગવાન ને સંતોની કૃપા હોય તો જ આવી શિબિરમાં અવાય, નહીં તો આ શિબિરમાં અવાતું નથી. એવા તમે સૌ પુણ્યશાળી આત્માઓ છો. તમારાં દર્શન કરીને તો અમે પણ ધન્ય થઈ ગયા ! દીકરા-દીકરીઓ શાબાશ !

અગવડ-સગવડ જોયા વગર, ટાઈમ ટૅબલ પ્રમાણે સેવા-ભક્તિ ને કથા-વાર્તા, ધૂન-ભજન દ્વારા આઠ દિવસ જે આનંદ કર્યો એ જ બતાવે છે કે, તમે સામાન્ય આત્માઓ નથી, તમે બહુ ઊંચા આત્માઓ છો. પ્રભુની કૃપાવાળા છો.

અહીં ઘણા ખેડૂતના દીકરાઓ છે. ગમે એટલું સરસ ખેતર ખેડ્યું હોય, સારામાં સારું બહુ મોંઘું બિયારણ નાખ્યું હોય, ખાતર સરસ નાખ્યું હોય, પણ વરસાદ ના પડે તો પાક ના ઊગે. પાણી વગર ખેતી નિષ્ફળ જાય. એમ, આત્મા ગમે એટલો ઊંચો હોય, પૂર્વનો ભગવાનના સંબંધવાળો હોય, મા-બાપ તરફથી દેહ સારો મળ્યો હોય, શિક્ષણ સારી સ્કૂલમાં પ્રાપ્ત કર્યું હોય; પણ સંતોના યોગ વગર સંસ્કાર ખીલતા નથી. સંસ્કાર ખીલવવા માટે સંતોનો યોગ જોઈએ. અને એ સંતોના યોગમાં તમે રહો છો એટલે પૂર્વજન્મનો સંબંધ ખીલી ઊઠ્યો છે. આ શિબિરમાં તમને આ પ્રાપ્ત થયું છે, તો આને વધારે-વિશેષ ખીલવવાનું.

સંતો શું કરે છે ? તો, માહાત્મ્યનું સિંચન કરી આપણામાં રહેલા પૂર્વજન્મના ભગવાન સાથેના સંબંધને ખીલવે છે. આપણે જાણીએ છીએ કે, છોડ હૅલ્ધી બને, ચીમળાઈ ના જાય એટલે આજુબાજુ જે નિંદામણ ઊગ્યું હોય તે કાઢી નાખવું પડે. સંતો એ કામ કરે છે કે આપણે

કોઈના ખોટા પ્રભાવમાં આવીએ નહીં. માથાકૂટ, ખટપટ, નિંદા કરીને આપણું પુણ્ય વેડફી ના નાખીએ. અને આપણે જે ટાઈમે જે કરવાનું છે એ ટાઈમે ના કરીએ, જે જોવાનું છે એ ટાઈમે ના જોઈએ, જ્યાં જવાનું છે ત્યાં ટાઈમે ના જઈએ; એવો જો વિવેક ચૂકી જઈએ, તો સંતો આપણને વિવેક આપી હૅલ્ધી એટલે કે સંસ્કારિત બનાવીને આપણું જીવન સર્વાંગ સુંદર બનાવે છે. દિન-રાત તેઓ આપણું જતન કરે છે, આપણને શિખવાડે છે, દાખડો કરે છે.

પેલી દીકરીએ આપણને ત્રણ સંકલ્પ કરાવ્યા. એનામાં કોણ બોલ્યું ? ભગવાન બોલ્યા. કહે, અઠવાડિક સત્સંગસભા કરીશ. મારા ગુરુની સ્મૃતિ સહિત અડધો કલાક 'સ્વામિનારાયણ' મંત્રનો જાપ કરીશ. નિયમ લેવાનો કે, જો અઠવાડિક સત્સંગસભા નહીં કરું તો બીજા દિવસે હું જમીશ નહીં. જે દિવસે ધૂન ચૂકી જઉં, એ દિવસે સાંજનું ખાવાનું કૅન્સલ. આપણી મમ્મીને ખબર પડશે કે આજે ધૂન નથી કરી એટલે સાંજે ખાધું નથી. એટલે મમ્મી સવારમાં જ કહેશે કે, 'દીકરા, અડધો કલાક ધૂન કરી લે.' આમ, અડધો કલાક ધૂન કરવાની અને ઘરમાં સર્વની સાથે સંપ, સુહૃદભાવ, એકતા રાખીને જીવવાનું છે.

ગઈ કાલે **'સંપ, સુહૃદભાવ, એકતા... સ્વામિનારાયણ ભગવાનની અપાવે પ્રસન્નતા'** થીમ પર કલ્ચરલ પ્રોગ્રામ સરસ કર્યો. હળીમળી, એકબીજાંને નમીશું, ખમીશું, એકબીજાંને ગમાડીશું, એકબીજાંને પ્રેમ કરીશું તો આપોઆપ સંપ, સુહૃદભાવ અને એકતા રહેશે. અને એ રાખીશું તો ઘરમાં, મંડળમાં ને સત્સંગમાં એકસંવાદિતા ઊભી થશે.

આ પૃથ્વી પર ઘણા બધા ચમત્કારોની વાતો કરે છે કે, અગ્નિના લારા ઉપર ચાલે, પાણી ઉપર ચાલે, હવામાં ઊડે, તમારા મનના વિચારો જોઈને બોલે - કેટલા મોટા ચમત્કાર કહેવાય ! આ બધા ચમત્કારોની જગતમાં બહુ વાતો થાય છે. પરંતુ, ૪૫૦ છોકરા-છોકરીઓ ૮ દિવસ શિબિરમાં એક સાથે રહ્યાં છતાં પણ કોઈ ફરિયાદ નહિ; આ પૃથ્વી પરનો માનવજીવનનો મોટામાં મોટો ચમત્કાર ! કોઈ અથડાયું -કુટાયું નથી ને કોઈને વાગ્યું પણ નથી, કોઈને ડૉક્ટરની જરૂર નથી પડી. આટલો બધો તડકો છે, ગરમી વરસે છે પણ આપણે ભગવાનનું કામ કરીએ છીએ તો આપણને ગરમીએ અસર ના કરી. તાપ-તડકો, ભૂખ-તરસ કશી જરૂરિયાત ના લાગી. ગઈ કાલે હું ઉતારા ઉપર જોવા ગયો હતો. ત્યાં એક મોટા રૂમમાં થોડાં ગાદલાં ને સામાન હતો. મેં કહ્યું, 'તમે કેવી રીતે સૂઈ જાવ છો ?' ત્યારે કહે, 'ગરમી એટલી બધી પડે છે કે, અમે રાત્રે સૂતી વખતે ઠંડા પાણીનું પોતું કરીએ અને પછી કશું પાથર્યા વગર જ સૂઈ જઈએ છીએ.' લ્યો, તમે વિચાર કરો ! આમાં ગાદલાંની ક્યાં જરૂર પડે ?

જ્યારે અમે ગોંડલ મંદિરે સેવામાં જતા ત્યારે ઉતારા વિભાગ, પાગરણ વિભાગ એટલે ગાદલાં વિભાગ, જમણવાર એટલે રસોડા વિભાગ; આવા બધા વિભાગોમાં સેવા કરવાનું આવે. ત્યારે વસ્તુ ઓછી હોય - ૫૦૦ ગાદલાં હોય અને ૨૦૦૦ માણસ આવ્યાં હોય. એટલે ઉતારા વિભાગ પાસે લાઇન પડે અને ઝઘડા થાય. બાપાએ એ જોયું એટલે બીજા દિવસે સભામાં યોગીબાપાએ સુહૃદભાવનું સૂત્ર સમજાવ્યું કે, સુહૃદભાવ કોને કહેવાય ? બાપા કહે, '૨૫ ગાદલાં ૧૦૦ માણસને વહેંચે તોય પાંચ ગાદલાં વધે, આ સુહૃદભાવ !' અને એવો સુહૃદભાવ અત્યારે વર્તનમાં આવ્યો છે. બાપાએ ગોંડલમાં જે વાત કરી હતી તે આજે તમે યુવાન-યુવતીઓએ યુવાન ઉંમરમાં તમારાં જીવનમાં ઍપ્લાય કરી; એ જોઈ ખરેખર યોગીજી મહારાજ કેટલા બધા રાજી થતા હશે ! હમણાં જોશભેર ભજન ગાયું ત્યારે મને યોગીબાપા યાદ આવ્યા કે, બાપા આ જુવાનિયાઓને જોઈને ખુશ થાત કે, આ મારાં દીકરા-દીકરીઓ આવું જીવન જીવે છે ! તમે બહુ સરસ કરો છો, પણ અહીં પૂરું

હળીમળી, એકબીજાંને નમીશું, ખમીશું,
એકબીજાંને ગમાડીશું,
એકબીજાંને પ્રેમ કરીશું તો
આપોઆપ સંપ, સુહૃદભાવ અને એકતા રહેશે.
અને ઘરમાં, મંડળમાં ને સત્સંગમાં
સંવાદિતા ઊભી થશે.





**આપણા ઇષ્ટદેવ**
**શ્રી સ્વામિનારાયણ ભગવાન અને**
**આપણા ગુરુ માટે જો સાચો પ્રેમ હોય તો**
**બીજા કોઈનો આપણા પર**
**પ્રભાવ ના પડે, યાદ રાખો !**

નથી, ઘરે જઈને પણ આવું જીવવાનું છે. આપણે નારાયણી સેના છીએ. અને નારાયણી સેના ના હોત તો વાનર સેના હોત.

યોગીબાપા એક દૃષ્ટાંત આપતા. એક ફેરિયો ગામડે ગામડે ટોપીઓ વેચીને પોતાનું ગુજરાન ચલાવતો હતો. એક દિવસ તે હંમેશાંની જેમ ટોપીઓ વેચવા દૂરના ગામમાં જઈ રહ્યો હતો. બે ગામની વચ્ચે ઘણું અંતર હશે અને વચ્ચે મોટું ઝાડ આવ્યું. આ ફેરિયો થાક્યો હશે તેથી થોડો વિસામો કરવા ટોપીઓનો ટોપલો બાજુ પર મૂકીને ઝાડ નીચે આડો પડ્યો. થોડીવારમાં જ તેને ઊંઘ આવી ગઈ અને તે ઘસઘસાટ ઊંઘી ગયો. એક વાંદરું આવ્યું, એ માથે ટોપી પહેરી ઝાડ ઉપર ચઢી ગયું. બીજા વાંદરાએ જોયું એટલે એણે પણ પેલાનું અનુકરણ કર્યું. એમ બધાં વાંદરાંઓ ટપોટપ પેલાની ૪૦-૫૦ ટોપીઓ હતી, તે બધી માથે લગાવી ઝાડ ઉપર ચઢી ગયાં. વાંદરાંઓ હૂપાહૂપ કરતાં હતાં એટલે પેલો જાગી ગયો. જાગીને ટોપલો ખાલીખટ જોયો. તેની નજર ઝાડ પર પડી. દૃશ્ય જોઈને તે આશ્ચર્યમાં પડી ગયો ! વાંદરાંનું ઝુંડ તેની ટોપીઓ પહેરીને ઝાડ પર કૂદાકૂદ કરી રહ્યું હતું. હવે આ વિચારે કે, આટલાં બધાં વાંદરાં પાસેથી ટોપીઓ પાછી કેમની લેવી ? તેણે પથ્થર ઉઠાવીને માર્યો તો વાંદરાંઓ ઝાડ પરથી નાનાં નાનાં ફળ તોડીને મારવાં લાગ્યાં. તેણે માથું ખંજવાળ્યું તો બધાં વાંદરાં પણ માથું ખંજવાળવાં માંડ્યાં. તેણે બગાસું ખાધું તો બધાં વાંદરાં બગાસું ખાવાં માંડ્યાં. હવે ફેરિયો સમજી ગયો કે, વાંદરાં નકલખોર છે. એટલે તેને એક યુક્તિ સૂઝી. તેણે પોતે પહેરેલી ટોપી ટોપલામાં નાખી. આ જોઈને બધાં વાંદરાંઓએ પણ પોતાની ટોપી ફટાફટ ટોપલામાં નાખી દીધી. એટલે ફેરિયો તરત જ ટોપલો લઈ ત્યાંથી ચાલતો થયો.

વાંદરાં શું કરે ? નકલ કરે. નકલ કરવી એ વાંદરાંની ખાસિયત છે. એમ, કૉલેજમાં જઈએ અને જોઈએ કે મારો મિત્ર આ કંપનીનો મૉબાઈલ વાપરે છે એટલે હું પણ વાપરું. મારો મિત્ર આ સ્ટાઈલના વાળ રાખે છે તો આપણે પણ રાખીએ. એ આવાં કપડાં પહેરે છે એટલે આપણેય પહેરીએ. ઘણા યુવાનો સ્ટાર ક્રિકેટરો જેવી હૅર સ્ટાઈલ રાખતા હોય છે. પણ નકલ કરે એ વાંદરાં કહેવાય. એટલે આપણે કોઈની નકલ ના કરીએ, આપણે આપણી ફૅશન રાખીએ. આપણી નારાયણી સેના છે.

અમે કૉલેજમાં ભણતા હતા ત્યારે બાપાએ કહ્યું કે, 'તિલક-ચાંદલો કરો.' બધાં યુવાન-યુવતીઓને ચાંદલો કરવાનું એટલે કહું છું. હું તમારા જેવો જ હતો. વાનર સેનાનો જ મૅમ્બર હતો. રૂમની બહાર નીકળું એટલે ગાયન ગાતો ગાતો નીકળું. વાળ તો ઓળતો જ નહીં, માથાના વાળ છૂટા ઊડે. સ્કૂલમાં ભણતો ત્યારે બધા મને 'બૈજુબાવરા' કહેતા. ત્યારે કપડાં તો એવાં પહેરું કે ગામડાની ભાષામાં કહીએ તો - 'ભેંસ ભડકે' એવાં. બાપાએ જોયું કે, આ ભગતને આ બધાં માટે તો ૫૦ આજ્ઞાઓ આપવી પડશે. યોગીજી મહારાજ ૬ ચોપડી ભણેલા, પણ એ દિવ્ય પુરુષની તો તમને શી વાત કરવી ! એ માટે કોઈ શબ્દો નથી. એમણે મને એક જ આજ્ઞા કરી કે, 'સવારે પૂજા કરી તિલક-ચાંદલો કરવો.' મને કોઈ 'ભગત' કહે તો બહુ ચીડ ચઢે. મને થાય કે, મારું નામ જશભાઈ છે ને આ 'ભગત' કેમ કહે છે ? પણ કૉલેજમાં ને ગામમાં તમે માતા કે દેવની ભક્તિ કરો તો તમે 'ભગત' થઈ જાવ. એટલે હું પૂજા કરીને ચાંદલો કરું, પણ, કૉલેજ જતી વખતે હૉસ્ટેલના સિન્ક પર જઈ માથું ધોઈ નાખું ને પછી વાળ સૅટ કરી કૉલેજ જઉં. બે મહિના પછી બાપાનાં દર્શન કરવા ગયો. બાપા કેવા અંતર્યામી પુરુષ ! મને પૂછ્યું, 'તિલક-ચાંદલો કરે છે ?' હવે મારે શો જવાબ આપવો ? કરું છું ને નથી કરતો બેઉ થયું એટલે ગુરુ આગળ તો કંઈ બોલાયું જ નહીં, શાંત ઊભો રહ્યો. એટલે ગુરુ અંતર્યામીપણે બોલ્યા, 'હા... હા... આપણને બીજા

‘ભગત’ કહે ને!’ આ સાંભળી મને ધ્રાસકો પડ્યો કે, ગુરુને મારા માટે આવું બોલવું પડ્યું! ત્યાર પછી કૉલેજ, ઘરે તિલક-ચાંદલો કરતો થયો. પછી મને થયું કે, બાપાની આજ્ઞાથી તિલક-ચાંદલો કરું છું તો બાપાનું નામ ઊંચું રહે એવું મારે જીવન જીવવું જોઈએ. એટલે મારાં ભેંસ ભડકતાં કપડાં નીકળી ગયાં, ગાયન છૂટી ગયાં, સિનેમા છૂટી ગયું, પતંગ છૂટી ગઈ, વગર કામની ઠઠ્ઠામશ્કરી – આ બધું નીકળું ગયું. તમે જુઓ તો યોગીબાપાએ આ એક જ આજ્ઞામાં યુવાન અવસ્થામાં બધું લપસિંદર કાઢી નાખ્યું, તમે વિચાર કરો ! એટલે તિલક-ચાંદલો કરવો. અને આપણે જે પહેરીએ એ જ ફૅશન. બીજાની ફૅશન જોઈને આપણે શું કામ ફૅશન કરવી છે ? મારા ગુરુને ગમે એ મારી ફૅશન. મારા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન રાજી થાય એ મારી ફૅશન. બાકી, જેને જે કહેવું હોય તે કહે.

મેં કહ્યું એમ, ૧૬ વર્ષની ઉંમરમાં યોગીબાપા સાથે મને પ્રેમ થયો. અને યોગીબાપા સાથે પ્રેમ થયો એટલે બીજા બધા માટે પ્રેમ મટી ના ગયો, પણ યોગીબાપા માટે પ્રેમ થયો પછી કોઈનું આકર્ષણ કે ખેંચાણ મને મગજમાંથી છૂટી ગયું. કોઈનો ભાર ના પડે. અશ્વિનભાઈ, શાંતિભાઈ, રતિભાઈ, સનંદભાઈ, હર્ષદભાઈ, પૂનમભાઈ, વી.એસ.- આ બધા સાથીદારો બાપાની આજ્ઞા પાળતા હતા એટલે એમની સાથે સાચો પ્રેમ રહ્યો. બાકી જે મિત્રો ભગવાનને નહોતા માનતા, ભગવાનના કામમાં નહોતા જોડાતા, એ લોકો સાથે પ્રેમ હતો પણ અંદરથી નહીં. તેઓનો ભાર ના પડે. આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન અને આપણા ગુરુ માટે જો સાચો પ્રેમ હોય તો બીજા કોઈનો આપણા પર પ્રભાવ ના પડે, યાદ રાખો !

આપણે યુવાન છીએ એટલે આપણી પર પ્રભાવ પડી જાય છે. કોઈ સારું બોલનાર હોય તો આપણી પર પ્રભાવ પડે, કોઈ સારો દેખાવવાળો હોય તો પ્રભાવ પડે, કોઈ સારું રમતો હોય તો પ્રભાવ પડે, કોઈ સારી ઍક્ટિંગ કરતો હોય તો પ્રભાવ પડે, કોઈ સારી સારી વાતો કરતો હોય તો એના પ્રભાવમાં ખેંચાઈ જઈએ. પણ, ના ! આપણા પર આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન અને આપણા સત્સંગી હોય એનો જ પ્રભાવ પડે; બાકી કોઈનો પ્રભાવ આપણા ઉપર પડે નહીં. એટલે આપણે આ વાનરવેડામાંથી નીકળી અસલી નારાયણી સેનામાં છીએ અને નારાયણી સેનાના સાચા સૈનિક બનીશું. તો ઘરે જઈને આપણે આટલું કરીએ.

ખરેખર મોંઘામાં મોંઘો માનવદેહ મળ્યો છે. અત્યારે રાણી એલિઝાબેથ ગુજરી ગયાં. એ રાણીએ જો એમ કહ્યું હોત કે, આખું બ્રિટનનું રાજ, મારી બધી જ મિલકત આપી દઉં પણ મને માનવદેહ આપો તો કોઈ આપે ? ના આપે. કોઈના માગવાથી માનવદેહ મળતો નથી, ભગવાનની કૃપા થાય તો જ માનવદેહ મળે. અને એવું કહેવાય છે કે ૮૪ લાખ જન્મોના ફેરા ફરતાં છેલ્લે માનવદેહ મળે છે – એટલો મોંઘો માનવદેહ છે. તમે નાનાં છો, પણ ધારો કે, આપણને કોઈએ બે-ત્રણ કરોડની મોંઘી મર્સિડિઝ, ઑડી ગાડી આપી હોય અને આપણે અહીં બેઠાં હોઈએ પણ મનમાં થાય કે, કોઈ ગાડીને લીટા તો નહીં પાડી જાયને ? સવારના પહોરમાં ઊઠીને ગાડીને ધોઈએ, સાફસૂફ કરીએ. સાઇકલ નવી લાવ્યા હોઈએ તોય કેટલી કાળજી લઈએ ? ગાડીની કેટલી કાળજી રાખીએ ? એમાં પેટ્રોલ-ડિઝલ જે ભરાવવાનું હોય એ ભરાવીએ.

અમે રાજકોટમાં એક વખત નવી ઑડી ગાડી લઈને ગયા હતા. ડ્રાઈવર ફ્યુઅલ ભરાવવા ગયો તો પેટ્રોલપંપવાળાએ ભૂલથી પેટ્રોલના બદલે ડિઝલ ભરી દીધું. ડ્રાઈવરને ખ્યાલ આવ્યો એટલે એણે જયેશભાઈને ફોન કર્યો. જયેશભાઈએ કંપનીમાં ફોન કર્યો તો કંપનીવાળા કહે, ‘હવે ગાડી ત્યાંથી હટાવશો નહીં, ત્યાં ને ત્યાં જ

**મારા ઈષ્ટદેવને,**
**મારા ગુરુને ના ગમે એવું કાંઈ જોવું નથી,**
**બોલવું નથી અને સાંભળવું નથી અને**
**એવાનો સંગ પણ નથી રાખવો.**
**યુવાન અવસ્થામાં આટલા જો નિયમ રાખશો તો**
**ભગવાન તમારી ખૂબ રક્ષા કરશે.**





સારામાં સારો આ માનવદેહ
ભગવાને ભેટ આપ્યો છે.
એનાથી આપણા ઇષ્ટદેવ
શ્રી સ્વામિનારાયણ ભગવાન ને
આપણા ગુરુઓને, સંતોને અને
આપણાં મા-બાપને રાજી કરવાં છે.

રાખજો.' કંપનીવાળાએ અમદાવાદથી ટ્રક મોકલી, ક્રેનથી ઊંચકી ગાડી ટ્રકમાં મૂકી અમદાવાદ સર્વિસ સ્ટેશને લઈ ગયા. બધું ડિઝલ ખાલી કર્યું. ડિઝલની ટાંકીને ધોઈ, સૂકી કરી. બે દિવસ લાગ્યા. પેટ્રોલ પૂર્યું. ૨૫,૦૦૦ હજાર રૂપિયા આ ટ્રીટમૅન્ટના લીધા.

આપણે કહીએ, ભલા માણસ ડિઝલથી તો ગાડી ચાલે. પણ આ ઑડી, મર્સિડિઝ, વૉલ્વો ને ટોયોટા જેવી બધી ગાડીઓનું મિકેનિઝમ એવું હોય છે કે ડિઝલ નાખો તો ગાડી ચાલે ખરી, પણ થોડા સમય પછી એનો પિસ્ટન જામ થઈ જાય ને પછી ગાડી રિપેર ના થાય, એને ભંગારમાં નાખી દેવી પડે. એમ, આ શરીર એ મર્સિડિઝ કે ઑડી કરતાં મોંઘામાં મોંઘી ગાડી છે. ભગવાને કહીને મોકલ્યું છે કે, આમાં 'નો ટૉબેકો' - તમાકુ નાખવાની નહીં, આલ્કોહૉલ નાખવાનો નહીં, નૉનવૅજ નાખવાનું નહીં, લસણ-ડુંગળી નાખવાનાં નહીં. આમાં આ બધું નાખશો તો ૪૦ વરસ સુધી આ ગાડી ચાલશે, પણ ૪૦ વરસ પછી એટ બૅક થશે. તો પછી ડૉક્ટર પાસે જશો તો ડૉક્ટર કહેશે, હવે તમારી ગાડી રિપેર થશે નહીં. ૬૦-૭૦-૮૦ વરસે તમારે દેહ છોડવાનો હશે તો ૪૦ વરસે ઘરમાં ખાટલા પર આ ગાડીને રાખી મૂકીને પછી ઊંહ ઊંહ કરશો.

યુવાન છો એટલે જાગ્રતતા રાખવી કે, શું ખાવું-શું ના ખાવું, શું પીવું-શું ના પીવું, ક્યાં બેસવું-ક્યાં ના બેસવું, ક્યાં જવું-ક્યાં ના જવું, શું જોવું-શું ના જોવું ; એ વિવેક. ભગવાનને ના ગમે એવું કાંઈ જોવું નથી. બોલો, 'ભગવાનને ના ગમે એવું કાંઈ જોવું નથી. પછી મૉબાઇલમાં હોય, આઈપૅડમાં હોય, કૉમ્પ્યુટરમાં હોય કે ટૅલિવિઝનમાં હોય.' મૉબાઈલ ના રાખો એવું નથી કહેતા, પણ મારા ઈષ્ટદેવને, મારા ગુરુને ના ગમે એવું કંઈ મૉબાઈલ, ટૅલિવિઝન, આઈપૅડ કે કૉમ્પ્યુટરમાં જોવું નથી, સાંભળવું નથી, બોલવું નથી. મારાં દીકરા-દીકરીઓ તમે ઍડવાન્સ છો, પણ આટલો નિયમ રાખજો. મૉબાઇલમાં કચરો ફેંકાય છે.

અહીં આ આપણું કૅમ્પસ પૂરું થાય પછી પાછળ રોડ છે ને એની પાછળ કાંસ છે. કાંસ એટલે વરસાદનું પાણી પડશે એટલે એ બધું કચરું લઈ દરિયામાં ફેંકી આવશે. એ કાંસ આગળ જઈને ઊભા રહેજો, દુર્ગંધ મારતી હશે. આખા ઍરિયાનો કચરો એમાં ભેગો થઈને જાય છે એ દુર્ગંધ મારે. એમ મૉબાઇલમાં આખી દુનિયાનો કચરો ફેંકાય છે. તેથી એ ટ્રૅપમાં જો તમે ઝડપાયાં તો દુર્ગંધ જ આવશે, સુગંધ નહીં આવે. એટલે ભગવાનને એવું પૂછજો કે, 'હે મહારાજ ! હું આ જોઉં છું તો તમે રાજી થાવ છો ?' - 'ના' તો બદલી નાખો. 'હે ગુરુ ! તમે રાજી થાવ છો ?' - 'ના' તો બદલી નાખો. મારા ઈષ્ટદેવને, મારા ગુરુને ના ગમે એવું કાંઈ જોવું નથી, બોલવું નથી અને સાંભળવું નથી અને એવાનો સંગ પણ નથી રાખવો. યુવાન અવસ્થામાં આટલા જો નિયમ રાખશો તો ભગવાન તમારી ખૂબ રક્ષા કરશે.

મેં પહેલાં વાત કરી હતી. નાના છોડ આપણે વાવીએ ત્યારે ઘણા વાંકા થઈ જાય. માળી ડંડાનો ટેકો આપી છોડને સીધો કરી દે, પછી એ મોટું સરસ ઝાડ થાય. એ વાંકા છોડને જો સીધો ના કરો તો એ ત્રાંસું, આડું જ ઝાડ થાય. એમ, તમે કુમળા છોડ છો. અત્યારે તમે જેટલાં સીધાં થશો એટલાં સરસ થશો. પણ જો અત્યારથી જોવાની, બોલવાની, સાંભળવાની, એવા સંગની ટેવો પડી ગઈ તો પછી ધોળા વાળ થશે ત્યારે કોઈ બદલવા આવશે તો ભાંગીને ભૂકો થઈ જશો, પણ બદલાશો નહીં; યાદ રાખો ! તો આ ઉંમરમાં આપણે સારામાં સારું ઘડાવું છે. સારામાં સારું બનવું છે. સારામાં સારો આ માનવદેહ ભગવાને ભેટ આપ્યો છે. એનાથી આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન ને આપણા ગુરુઓને, સંતોને અને આપણાં મા-બાપને રાજી કરવાં છે.

જીવનમાં તમે ડૉક્ટર, ઍન્જિનિયર, ફાર્માસિસ્ટ, ડૅન્ટિસ્ટ, સર્જન, પીડિયાટ્રિશિયન ને આ બધું થજો, ના નથી થવાની; પણ એ આપણા જીવનનું ધ્યેય નથી. પણ મારે મારા ઇષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન, મારા ગુરુ અને મારાં મા-બાપને રાજી કરવાં છે – એ ધ્યેય છે. અને એ ધ્યેય રાખીને તમે જો જીવન જીવશો તો પછી એમની કૃપાથી, એમના આશીર્વાદથી તમારે જે થવું હશે એ થવાશે, તમે જે સંકલ્પ કરશો એ કામ થશે.

આપણે સારાં થઈને ભગવાન રાજી થાય એવું જીવન જીવીએ, એ સંતો તરફની અને ગુરુઓ તરફની શ્રેષ્ઠ ભક્તિ છે. એટલે તેઓ આપણાંમાં આટલો બધો રસ લે છે. એમને બીજો કોઈ સ્વાર્થ નથી. આ બધા વડીલો અહીંયાં બેઠા છે, તમે જુઓ તો તેઓ ખૂબ કાર્યરત છે. પણ આપણાં દીકરા-દીકરીઓ આટલું સરસ જીવન જીવવાં તૈયાર થયાં છે, નારાયણી સેના તૈયાર થઈ રહી છે; એમને ઉત્સાહિત કરવા, એમને સપૉર્ટ કરવા આપણી સાથે સાત સાત દિવસથી રહ્યા છે. કેટલો બધો આપણા માટે એમને પ્રેમ છે ! એ પ્રેમને આપણે એવો જ રિસ્પૉન્સ આપવો છે. અને એ રિસ્પૉન્સ એટલે એવું જીવન આપણે જીવવું છે.

આપણા યૂથ લીડર્સ પણ આપણી સાથે સભામાં છે. બસ, આ યાદ કરજો કે, આપણા માટે કેટલા બધાને પ્રેમ છે ! આપણે સારાં થઈએ તો ભગવાન, ગુરુ, આ સંતો ને આપણા યૂથ લીડરો રાજી થાય ! તો, એવું જીવન જીવવાનો સંકલ્પ કરીને જજો. કૃતનિશ્ચય કરીને જજો કે, જીવનમાં ગમે તે થાય, પણ મારે આ જીવન આવું જ જીવવું છે, જીવવું છે ને જીવવું જ છે !

આપણા એક દીકરાને ચાર વિષયમાં એ.ટી.કે.ટી. આવી. શાથી આવી ? મૉબાઇલમાં, ક્રિકેટમાં, વૉલીબૉલમાં પડી ગયા હતા. રમવાની ના નથી કહેતા, પણ ભણવાનું ગૌણ કરીને રમવાનું પ્રધાન ના થઈ જવું જોઈએ. રમો, પણ પાંચ-છ કલાક વાંચો. સ્કૂલના અને વાંચવાના સમય સિવાયના બીજા સમયમાં મૉબાઇલમાં જોવાને બદલે મેદાનની – બહારની રમત રમો. રમતો રમવી જોઈએ, ના નથી. પણ ભણવાનું છોડીને નહીં રમવાનું. પછી એ દીકરાએ ગુરુની આજ્ઞાથી છ કલાક વાંચવાનું ચાલુ કર્યું. એના ભાઈબંધો પાછળ પડી ગયા કે, રમવા આવ, રમવા આવ. પણ તેણે કોઈ ભાઈબંધને દાદ આપી નહીં, તો બધા ભાઈબંધો આળસી ગયા કે, આ આપણને રિસ્પૉન્સ આપશે નહીં. તો ભાઈબંધોએ છોડી દીધું તો, એ ફર્સ્ટક્લાસ પાસ થયો ! એમ, આપણે સ્કૂલ, કૉલેજમાં એવા ભાઈબંધો રાખજો કે જે ભણવામાં મદદ કરે. એવા ભાઈબંધો રાખજો કે જે કુસંગી ના હોય.

આપણા ઇષ્ટદેવ, આપણા ભગવાન, આપણા ગુરુ, આપણા સનાતન હિન્દુ ધર્મનું સહેજ પણ ઘસાતું બોલે એવાની તમે ભાઈબંધી જ ના કરતા, યાદ રાખો ! એમના પ્રભાવમાં આવશો જ નહીં. આપણા ઇષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન, શ્રી રામ, શ્રી કૃષ્ણ, શ્રી મહાવીર, શ્રી બુદ્ધ, શ્રી ગણપતિજી, શ્રી હનુમાનજી અને આપણા બધા સંતોને વિશે ગમેતેમ બોલે એવાની વાત સાંભળવી નહીં, એવાને પડખે ચઢવાનું નહીં એટલા સ્ટ્રૉંગ રહેજો. એમના પ્રભાવમાં નહીં આવતા અને ભણવામાં ધ્યાન આપજો.

ભગવાન આપણી સાથે છે, આપણને બળ આપે જ છે. પણ ભજન-પ્રાર્થના, અઠવાડિક સભા, સંપ – સુહૃદભાવ – એકતા; આ ત્રણ નિયમો ફુલફ્લૅજ પાળીને પ્રભુનાં ગમતાં થઈએ. અને હળીમળી, એકમનાં થઈને કાર્યો કરી, પ્રભુની સુવાસ દિગંતમાં પ્રસરાવીએ એવાં વિચાર, વાણી, વર્તન સૌનાં બની રહે એવી પ્રભુચરણે, ગુરુચરણે આ શિબિર પૂર્ણાહુતિ સભાની પ્રાર્થના !

સર્વને જય શ્રી સ્વામિનારાયણ ! ◆

**ભગવાન આપણી સાથે છે,**
**આપણને બળ આપે જ છે.**
**પણ ભજન-પ્રાર્થના, અઠવાડિક સભા,**
**સંપ - સુહૃદભાવ - એકતા; આ ત્રણ નિયમો**
**ફુલફ્લૅજ પાળીને પ્રભુનાં ગમતાં થઈએ.**





# સાધુ હૃદયની પ્રાર્થનાગંગા



## હે અક્ષરબ્રહ્મ સ્વામી !


પોષીપૂનમના મહામંગલકારી પર્વે આપનું પ્રાગટ્ય
તે પુણ્યવંતા દિને આ ધરા પર મંગલ રચાયું
ડભાણમાં યજ્ઞ થયો ને શ્રીજીએ કૃપા ઢોળી
શ્રીજી તો પરમ પરબ્રહ્મ તત્ત્વ પ્રગટ્યા
જીવની કક્ષા તેને પામવાની હતી જ નહિ
અનુગ્રહ કર્યો પોતાના સ્વરૂપનાં દર્શન સૌને કરાવવાનો
આપને સાથે લઈને જ પ્રગટ્યા હતા
આપના સ્વરૂપને પોષીપૂનમે છતું કર્યું... અમે સૌ ન્યાલ થઈ ગયા
શ્રીજીને પામવાનો રાજમાર્ગ ખૂલ્યો
શ્રીજીનું અંતર્ધાન થવું ને આપનું તેજ પ્રસર્યું
આપની વાણીમાં સૌએ તે અનુભવ્યું
ગુણાતીતભાવનાં અપ્રતિમ અદ્‌ભુત દર્શન થયાં
આપની સાથે આત્મબુદ્ધિએ જોડાયા
આપનું શરણ સ્વીકારી આપમાં હોમાયા
આપની અનુવૃત્તિએ જે વર્ત્યા તે સૌ બ્રહ્મરૂપ થયા બ્રહ્મસ્વરૂપ થયા
શ્રીજીના અખંડ ધારક થયા શ્રીજીના દિવ્ય પ્રકાશના પ્રસારક થયા
શ્રીજીના પરબ્રહ્મ તત્ત્વને શાશ્વત પ્રગટ રાખનાર થયા
ભગતજી મહારાજ જાગા સ્વામી ને અદામાં
આપનાં અક્ષરતેજ પૂર્ણપણે પ્રકાશી રહ્યાં
તેઓએ અનુગ્રહ કર્યો શાસ્ત્રીજી મહારાજ પર
અને શાસ્ત્રીજીએ યોગીબાપા પર
અમ સૌ એ યોગીબાપાની કૃપાના યશભાગી બન્યા
અમારાં જીવન ધન્ય થયાં.

યોગીબાપાના પ્રેમે અમને ખેંચ્યા સ્વીકાર્યા
તેઓનાં ગમતાંમાં વર્તી લેવા જોમ કાકાજીએ સિંચ્યાં
બા, પપ્પાજી, હરિપ્રસાદ સ્વામી – મહંત સ્વામીજીએ બળ પ્રેર્યાં
'સાહેબ'માં અમ સૌનાં સમર્પણ થયાં
બાપાએ જે સુખ દીધાં... સાહેબમાં તેવાં જ સુખના અનુભવ કીધા
ગુણાતીતભાવમાં વિચરતા સાહેબે અમ 'સ્વ'ના ભાવ ઓગાળ્યા
ઉપદેશ દેવાને બદલે પ્રાર્થનાઓ કરી, વર્તન કરીને વાત સમજાવી
ભક્તોનો મહિમા સમજાવ્યો
યોગીસંબંધ-શ્રીજી ને સ્વામીનો સંબંધ તેમણે જોયો

તેવા સૌના પડખે ઊભા રહ્યા, તેવા સૌની દાસત્વભાવે સેવા કરી
કેવળ મહિમા જ... અમહિમા રંચમાત્ર નહિ
જ્ઞાન બોલવામાં નહિ વર્તન કરી બતાવ્યું
તેવા જ્ઞાન વર્તને અમને પીગળાવ્યા
અમારાં ગમતાં મુકાવ્યાં ને યોગીના ગમતામાં વરતાવ્યા
પોતે સાવ નિરાકાર બની રહ્યા.

અહીં બ્રહ્મજ્યોતિની તપોભૂમિ પર
પારમિતા-ગુણની પ્રાપ્તિ માટેનું – પરમ દિવ્ય સ્થાન રચ્યું
સ્થાનમાં શ્રી ઠાકોરજી મહારાજ પધરાવ્યા
આ મૂર્તિમાં સાક્ષાત્ વસી રહ્યા છે તે સમજાવ્યું
તે આ ભક્તોમાં વસ્યા છે તે સમજાવ્યું
તેઓની સેવામાં ઠાકોરજી રાજી તે દૃઢ કરાવ્યું
આજે ગત વર્ષોમાં જે પામ્યા તેનું સરવૈયું માંડ્યું
તો ઘણું પામ્યા... જે શુભ ને સત્ય છે
ઘણું સહજ છૂટી ગયું જે અશુભ અસત્ય છે
શ્રીજીને રાજી કરવાની ધખના જાગી
સ્વામીને રોમે રોમે પ્રગટાવવાની તિતિક્ષા જાગી
સાહેબમાં સર્વસ્વનાં સમર્પણ કરવાં છે
સંબંધવાળાના દાસ બની રહેવું છે
તેઓના ગમતામાં જીવી લેવું છે તે ભાવની દૃઢતા થઈ છે.
સુહૃદભાવ એકતા ને આત્મીયભાવે વર્તન કરી
પરસ્પર પ્રભુનાં દર્શન કરી, જીવવું તે નિશ્ચય પાકો થયો છે.
નાનાં મોટાં – બહેન ભાઈ સૌ આ ભાવે મંડ્યાં છે.


હે સ્વામી દયાળુ !
અમ સૌ આપની કૃપાએ ઘણું પામ્યા
તેમાં અમે કાંઈ કર્યું નહિ... કેવળ આપનો અનુગ્રહ
યોગીબાપા – સાહેબની અપરંપાર કૃપા
દિવ્ય ગુણાતીત સ્વરૂપોની હૂંફ અને પ્રેમ
તેનું આ પરિણામ છે... અમે સમજીએ છીએ... હવે, એકમાત્ર સંકલ્પ...
આપમાં – આપના દિવ્ય સ્વરૂપ સાહેબમાં અમને સંપૂર્ણ ઓગાળી દો
નિઃશેષ બનાવી દો... નિરાકાર કરી દો... સહજાનંદે સભર કરી દો !
આજે આપના દીક્ષા દિને, અમ વ્રતધારી ભાઈઓના દીક્ષા દિને
આપના – શ્રીજીના ને સાક્ષાત્ સ્વરૂપોના ચરણે
અમારી આ પ્રાર્થના સ્વીકારો... અમને ધન્ય કરો !!!



સાધુ શાન્તાદાસના જય સ્વામિનારાયણ.
બ્રહ્મજ્યોતિ, ૧૨.૧.03





# અનુપમની હે અમૃતધારા...!

**~ સદ્‌ગુરુ સાધુ પરમ પૂજ્ય અશ્વિનદાદા**

**વચનામૃત : જેતલપુર-૨નું નિરૂપણ,**
**નિત્ય સભા, અક્ષરમહોલ, ૨૪ ઑક્ટોબર ૨૦૨૩,**
**તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી.**

**પછી શ્રીજી મહારાજ પ્રત્યે બ્રહ્માનંદ સ્વામીએ નમસ્કાર કરીને પ્રશ્ન પૂછ્યો જે, 'હે મહારાજ ! યતિ તે કોને કહીએ તે કહો.' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, 'જેને દૃઢ બ્રહ્મચર્ય હોય ને સર્વ ઇન્દ્રિયો પોતાને વશ હોય તેને યતિ જાણવો. તે જે હનુમાનજી તથા લક્ષ્મણજી જેવો હોય તેને યતિ જાણવો. તે હનુમાનજી જ્યારે રામચંદ્રજીની આજ્ઞાને કરીને સીતાજીને ખોળવા સારુ લંકામાં ગયા, ત્યારે જાનકીજીને ઓળખવાં હતાં તે સારુ જેટલી સ્ત્રીઓ લંકામાં હતી તે સર્વને જોતા હવા. તે જોતાં જોતાં, 'આ તો જાનકીજી નહીં, આ તો જાનકીજી નહીં,' એમ વિચારતા સતા મંદોદરીને હનુમાનજી દેખતા હવા. ત્યારે પોતે એમ જાણ્યું જે, 'આ જાનકીજી હશે ?' પછી એમ મનમાં વિચાર કર્યો જે, 'જાનકીજીને તો ભગવાન શ્રી રઘુનાથજીનો વિયોગ છે તેણે કરીને આવું શરીર પુષ્ટ હોય જ નહીં અને આવી નિદ્રા પણ ન હોય.' એવો મનમાં વિચાર કરીને હનુમાનજી પાછા વળી નીસર્યા. પછી પોતાને મનમાં એવો સંકલ્પ થયો જે, 'હું યતિ છું ને મેં આ સર્વે સ્ત્રીઓને જોઈયો તેનો મુને કાંઈ બાધ હશે કે નહીં ?' પછી વળી પોતે એમ વિચાર કર્યો જે, 'મેં તો રઘુનાથજીની આજ્ઞાએ કરીને જાનકીજીની ખબર કાઢવી છે તે સારુ સ્ત્રીઓને જોઈયો. તેનો મુને શો બાધ છે ?' અને વળી મનમાં એમ વિચાર કર્યો જે, 'મારી વૃત્તિમાં ને મારી ઇન્દ્રિયોમાં રઘુનાથજીની કૃપાએ કરીને ક્ષોભ પણ નથી ઊપજ્યો.' એમ વિચારીને નિઃસંશય થકા ફરીને સીતાજીને ખોળતા હવા. માટે હનુમાનજીની પેઠે વિકારનો હેતુ સતે પણ જેનું અંતઃકરણ નિર્વિકાર રહે એવો જે હોય તે યતિ કહેવાય.**

હનુમાનજીનું દૃષ્ટાંત આપીને ભગવાન શ્રી સ્વામિનારાયણ બ્રહ્માનંદ સ્વામીના પ્રશ્નનો ઉત્તર કરે છે ને યતિની સ્થિતિ અને વ્યાખ્યા સમજાવે છે. સ્વામિનારાયણ ભગવાન એવી વ્યાખ્યા કરે છે કે, જેને દૃઢ બ્રહ્મચર્ય હોય અને સર્વ ઇન્દ્રિયો પોતાને વશ હોય તેને યતિ જાણવો. અને એવા 'રામાયણ'નાં અદ્‌ભુત પાત્રો હનુમાનજી અને લક્ષ્મણજી – એ બેનો આધાર લઈને આ સ્થિતિનું વર્ણન કરીને સંતો, ભક્તોને સમજાવે છે.

અહીંયાં બ્રહ્મચર્ય એટલે માત્ર જનનેન્દ્રિયનો જ સંયમ પાળવો એવો અર્થ થતો નથી. શાસ્ત્રોએ બ્રહ્મચર્ય માટે કહ્યું છે, 'બ્રહ્મેચરતિ ઇતિ બ્રહ્મચર્ય' અને એ વાત અહીંયાં હનુમાનજીના મનમાં શંકા ચાલી રહી છે તે વાતનો જવાબ હનુમાનદાદા આપે છે કે, 'મેં આ સર્વે સ્ત્રીઓને જોઈ તો મને કાંઈ બાધ થશે કે નહીં ?' પછી વળી, પોતે એમ વિચાર કર્યો જે, 'મેં તો રઘુનાથજીની આજ્ઞાએ કરીને જાનકીજીની ખબર કાઢવા માટે સ્ત્રીઓને જોઈ તો મને શો બાધ છે ?' અને વળી મનમાં એમ વિચાર કર્યો કે, 'મારી વૃત્તિમાં અને મારી ઇન્દ્રિયોમાં રઘુનાથજીની કૃપાએ કરીને કોઈ ક્ષોભ પણ નથી ઊપજ્યો.' એમ વિચારીને નિઃસંશય થકા ફરીને સીતાજીને ખોળતા થયા; આ બ્રહ્મચર્યની સ્થિતિ છે.

ગુરુહરિ સાહેબદાદાએ આપણને સર્વને સ્ત્રી અને પુરુષો, ભાઈઓ અને બહેનો, સર્વ ભક્તોને સાથે મળીને બ્રહ્મવિદ્યાના પાઠ શિખવાડવાની અદ્‌ભુત યોજના કરી છે ! એમાં જેતલપુરનું બીજું અને ત્રીજું – આ બે 'વચનામૃત' બહુ મહત્ત્વનાં ને અગત્યનાં 'વચનામૃત' છે. આમાં, હનુમાનજીની શંકા પહેલી એ ટળે છે કે, હું મારી જાતે સ્ત્રીઓને જોવા માટે આવ્યો નથી; પણ, મારા ઇષ્ટદેવ શ્રી રામચંદ્રજીએ મને આજ્ઞા કરી છે. બહુ સુંદર શબ્દપ્રયોગ છે – આજ્ઞા.

ભગવાન શ્રી રામચંદ્રજી હનુમાનજીને કામ સોંપે છે કે, તમે સીતાજીની ભાળ શોધી લાવો. અને આપણે 'રામાયણ'ના સમયકાળનો વિચાર કરીએ તો જ્યારે રામચંદ્રજી અને હનુમાનજીનો મેળાપ થાય છે એ પહેલાં હનુમાનજીને શ્રી રામચંદ્રજીનાં કુટુંબીજનો માતા, પિતા, પત્નીનો કોઈ પરિચય નથી. ઓળખતા હોય એવી વ્યક્તિને આપણને બોલાવવા મોકલે તો આપણે એને ઓળખતા હોઈએ તેથી હાથ પકડીને લઈ આવીએ કે, સાહેબદાદા બોલાવે છે. પણ, હનુમાનજી તો કોઈને ઓળખતા જ નથી. શ્રી રામચંદ્રજી વનમાં નીકળ્યા એ પછી હનુમાનજી સાથે મેળાપ થાય છે. એટલે હનુમાનજીને માટે સીતામાતા એ અજાણી સ્ત્રી છે. અને જેને ઓળખતા નથી એવી સ્ત્રીને શોધી લાવવાનું કામ ભગવાન સોંપે છે. એટલે ઘણી બધી સ્ત્રીઓને જોતાં જોતાં,

'આ સીતાજી નથી' અને એમાં એ રાવણની પત્ની મંદોદરીને જ્યારે જુએ છે, કારણ કે બીજી બધી તો રાક્ષસીઓ હતી. અને હનુમાનજીને ખબર હતી કે રાવણ ઉપાડીને લઈ ગયો છે એટલે સીતામાતાને રાજમહેલમાં જ રાખ્યાં હશે. છત્તર-પલંગમાં સુખેથી નિદ્રા લઈ રહેલાં મંદોદરીને જોઈને એમને પહેલી શંકા એમ થાય છે કે, 'આ સીતાજી હશે ?' પછી એમણે અક્કલ કામે લગાડી કે, જે સ્ત્રી પોતાના પ્રિય પાત્ર પતિદેવથી વિખૂટી પડી ગઈ હોય અને જેનું અપહરણ કરીને લઈ આવવામાં આવી હોય એ સ્ત્રીને આવું સુખ હોય નહીં, આવું ચેન હોય નહીં. અને શરીરથી પણ આવી હૃષ્ટપુષ્ટ હોય નહીં. રાવણના રાજ્યમાં મંદોદરી ખાધેપીધે સુખી હતી એટલે શરીરથી તંદુરસ્ત હતી. જુઓ, હનુમાનજી પોતાના ગુરુની, પ્રભુની આજ્ઞા પાળવા માટે પોતાની બુદ્ધિ અને શક્તિ બંનેને કામે લગાડે છે. પોતે શક્તિશાળી તો છે જ, છલાંગ મારીને દરિયો કૂદીને આવ્યા છે, પણ મંદોદરીને જોઈને સાથે સાથે બુદ્ધિ પણ કામે લગાડે છે કે, આ પતિથી વિખૂટી પડેલી પત્ની હોય એવું લાગતું નથી. એ તો વિયોગમાં ઝૂરતી હોય, ખાધા-પીધા વગર દુઃખી અને અજંપાથી રાત્રિ પસાર કરતી હોય. એટલે મંદોદરીને જોયા પછી પણ એમને એમ થાય છે કે, 'ના, આ સીતાજી નથી.'

બહુ સુંદર રીતે શ્રી સ્વામિનારાયણ ભગવાને 'વચનામૃત'માં 'રામાયણ', 'મહાભારત' અને 'ભાગવત' - ત્રણ ગ્રંથોનો આધાર લઈને, આવાં પાત્રોનો પરિચય આપીને આધ્યાત્મિક બાબત સમજાવી છે. સભામાં પાછા બ્રહ્માનંદ સ્વામી જેવા - જે પોતે જ જતિ છે, કેટલીય કળાના વિદ્વાન હતા, કેટલા કિલો સોનાનાં ઘરેણાં પહેરીને તેઓ રાજપાટમાં જીવતા હતા ને એમાંથી એમણે દીક્ષા લીધી છે - એવા સંત ભગવાન શ્રી સ્વામિનારાયણને પ્રશ્ન પૂછે છે. 'યતિ' શબ્દ સંસ્કૃતનો છે. એનું ગુજરાતીમાં અપભ્રંશ થયેલો શબ્દ છે જતિ. યતિ અથવા જતિ એટલે જેણે ઇન્દ્રિયો ઉપર વિજય મેળવ્યો છે.

આજે બહુ સારા દિવસે - વિજયા દશમીએ આ 'વચનામૃત' નીકળ્યું છે. આવતી કાલે એકાદશી આવશે. પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો અને એની સાથે અગિયારમું મન; એનાં ઉપર જેણે સંયમ પ્રાપ્ત કર્યો છે તેને શાસ્ત્રોએ યતિ કીધા છે. ઇન્દ્રિય નિગ્રહની પહેલી બાબત અને મનની વૃત્તિને ભગવાનમાં અખંડ જોડી રાખવી એ બીજી બાબત. મનની વૃત્તિને અખંડ ભગવાનમાં જોડી રાખવા માટે ઇન્દ્રિયોનો નિગ્રહ પણ એટલો જ જરૂરી છે. નિગ્રહ એટલે કે સંયમ. અને એ બે જેણે પ્રાપ્ત કર્યું છે એને યતિ કહેવામાં આવે છે. એનું મન પણ ભગવાનમાં છે.

હનુમાનદાદાનું મન પણ રઘુનાથજીની સેવામાં છે. રઘુનાથજીની આજ્ઞાએ તેઓ સીતામાતાની ભાળ કાઢવા માટે લંકામાં આવ્યા છે. અને સ્વાભાવિક છે કે, પુછાય તો નહીં કે, 'તું સીતા છે ?' અને આટલી બધી સ્ત્રીઓને જોઈ, હવે ઇન્દ્રિયોનો નિગ્રહ અને મનની વૃત્તિ અખંડ ભગવાનમાં જોડી રાખી એની ખાતરી હનુમાનજી પણ કરે છે કે, મનમાં એમ વિચાર કર્યો જે, મારી વૃત્તિમાં અને મારી ઇન્દ્રિયોમાં રઘુનાથજીની કૃપાએ કરીને ક્ષોભ નથી થયો. વિકારનો ભાવ મનમાં પણ નથી ઊપજ્યો અને ઇન્દ્રિયોમાં પણ નથી ઊપજ્યો. અને કોની કૃપાથી ? રઘુનાથજીની કૃપાથી. 'મેં આવો સંયમ રાખ્યો' એવો ભાવ નથી, પણ મારા પ્રભુ, મારા ગુરુની કૃપા છે કે, આવા લોકની વચ્ચે રહેવા છતાં પણ હું એનાથી અલિપ્ત ! જેને સાહેબદાદા કહે છે એમ, પાણીમાં પડીએ પણ ભીના થયા વગર કોરા ને કોરા બહાર નીકળીએ. વળી, મનમાં એમ વિચાર કર્યો જે, મારી વૃત્તિમાં અને મારી ઇન્દ્રિયોમાં રઘુનાથજીની કૃપાએ કરીને ક્ષોભ પણ નથી ઉપજ્યો. એમ વિચારીને નિઃસંશય થકા ફરીને સીતાજીને શોધવા માટે નીકળ્યા. જો વિકાર થયો હોત તો આગળ જતા અટકી જાત. વિકાર થયો નથી ને સીતાજી મળ્યાં નથી એટલે ફરીથી નિઃસંશય થકા સીતાજીને શોધવા માટે આગળ નીકળ્યા. 'નિઃસંશય થકા' આ સ્થિતિ છે મનની અને ઇન્દ્રિયોની. માટે હનુમાનજીની પેઠે વિકારનો હેતુ હોવા છતાંય પણ જેનું અંતઃકરણ નિર્વિકાર રહે છે એવું જે હોય એને જતિ કહેવાય. ના મળે અને ઉપવાસ કરીએ એ સ્થિતિ જુદી છે અને રાજભોગ સામે પડ્યો હોય ને ખાવાની ઇચ્છા પણ થાય નહીં એ સ્થિતિ જુદી છે. શ્રી સ્વામિનારાયણ ભગવાન બહુ સુંદર રીતે આ સ્થિતિનો ભેદ સમજાવે છે કે, વિકારનો હેતુ- વિકાર પેદા થાય તેવું કાર્ય સોંપ્યું છે, છતાં પણ જેનું અંતઃકરણ નિર્વિકાર રહે છે એવો જે હોય તેને યતિ કહેવાય.

'મારી ઇન્દ્રિયોમાં રઘુનાથજીની કૃપાએ કરીને ક્ષોભ પણ નથી ઊપજ્યો.' હનુમાનજી પોતે પોતાના અંતરાત્મામાં ને હૃદય ઉપર હાથ રાખીને પૂછે છે એટલે એમને ખબર પડે કે મને ક્ષોભ ઊપજ્યો કે ના ઊપજ્યો ? 'એમ વિચારીને નિઃસંશય થકા...' હવે કામ જો આગળ ચાલુ રાખવું હોય તો, નિર્વિકાર તો છે જ, પણ સાથે સાથે નિઃસંશય સ્થિતિ પણ હોવી જોઈએ. થશે કે નહીં થાય ? મળશે કે નહીં મળે ? આપણે રહ્યા બ્રહ્મચારી ને આપણને આ કામ ક્યાં સોંપ્યું ? આવા બધા બુદ્ધિના જેને તર્ક ઊઠે છે એ ગુરુની-પ્રભુની આજ્ઞામાં નિઃસંશય થઈને ઝુકાવી શકતો નથી, તેને ડગમગાટ રહે છે. અને જેને ડગમગાટ રહે છે તેને કાર્ય કર્યાની સફળતા પ્રાપ્ત થતી નથી, અને કદાચ પ્રભુકૃપાથી સફળતા પ્રાપ્ત થાય તો હૈયાને વિશે એનો સંતોષ અને આનંદ પ્રગટતો નથી. 'એમ વિચારીને નિઃસંશય થકા ફરીને સીતાજીને શોધતા હવા' હનુમાનજી નિરાશ પણ નથી થયા. આટલી બધી સ્ત્રીઓને જોઈ, ક્યાંય સીતાજી જડ્યાં નહીં. 'તો અહીં હશે જ નહીં, ચાલો પાછા...' એવી ઉતાવળ કરતા આપણે ઘણી વખત અધૂરાં કામ મૂકીને પાછા વળી જઈએ છીએ.

**'હનુમાનજીની પેઠે વિકારનો હેતુ સતે પણ જેનું અંતઃકરણ નિર્વિકાર રહે એવો જે હોય તે યતિ કહેવાય.'** જતિ કહેવાય. સંપ્રદાયમાં ગોપાળાનંદ સ્વામી માટે 'યતિ' શબ્દ વાપર્યો છે, એમના માટે 'ગોપાળયોગી' એવો શબ્દપ્રયોગ પણ થાય છે. ગુણાતીતની સ્થિતિ - ત્રણ પ્રકારના ગુણના ભાવથી ઉપર ઊઠી જઈને બ્રહ્માકાર વૃત્તિથી જે જીવે છે તે બ્રહ્મચારી છે. જેમની મનની વૃત્તિ અખંડ ભગવાનમાં જોડાયેલી રહે છે તે બ્રહ્મચારી છે.

**અને વળી જ્યારે જાનકીજીનું હરણ થયું ત્યારે રઘુનાથજી ને લક્ષ્મણજી એ બેય વનમાં સીતાજીને ખોળતાં ખોળતાં જ્યાં સુગ્રીવ ફટકશીલા ઉપર હતો ત્યાં ગયા. ત્યારે સુગ્રીવને જણાવ્યું જે, 'જાનકીજીનું હરણ થયું છે, તે માટે આંહીં આવ્યા છીએ. તે જો તમને કાંઈ ખબર હોય તો કહો.' ત્યારે સુગ્રીવે કહ્યું જે, 'હે મહારાજ ! આકાશને વિષે, હે રામ ! હે રામ ! એવો શબ્દ થતો હતો તે મેં સાંભળ્યો હતો. અને બીજું જે, આ ચીરમાં બાંધીને ઘરેણાં પડતાં મૂક્યાં હતાં તે મારી પાસે મેં રાખ્યાં છે.' ત્યારે રઘુનાથજીએ કહ્યું જે, 'લાવો, તે જોઈએ.' ત્યારે તે ઘરેણાં સુગ્રીવે રઘુનાથજીને આપ્યાં. પછી રઘુનાથજીએ લઈને લક્ષ્મણજીને દેખાડ્યાં. તે પ્રથમ તો કાનનાં દેખાડ્યાં. પછી હાથનાં બાજુબંધ આદિક દેખાડ્યાં. તે લક્ષ્મણજીએ ન ઓળખ્યાં. ત્યાર પછી પગનાં ઝાંઝર દેખાડ્યાં ત્યારે લક્ષ્મણજીએ કહ્યું જે, 'હે મહારાજ ! આ તો જાનકીજીનાં ઝાંઝર છે.' ત્યારે રઘુનાથજીએ પૂછ્યું જે, 'હે લક્ષ્મણજી ! બીજાં ઘરેણાં ન ઓળખ્યાં ને પગનાં ઝાંઝર કેવી રીતે ઓળખ્યાં ?' ત્યારે લક્ષ્મણજીએ કહ્યું, 'હે મહારાજ ! જાનકીજીનું સ્વરૂપ તે મેં નથી દીઠું.'**

આ યતિની સ્થિતિ. જેવી હનુમાનજીની સ્થિતિ છે એવી લક્ષ્મણજીની સ્થિતિ છે. શ્રી રામચંદ્રજી શ્રી લક્ષ્મણજીની પણ પરીક્ષા લે છે. કાનનાં કુંડળ ના ઓળખ્યાં. હાથનાં બાજુબંધ ના ઓળખ્યાં. પગનાં ઝાંઝર દેખાડ્યાં ત્યારે લક્ષ્મણજીએ કહ્યું કે, 'હે મહારાજ ! આ તો જાનકીજીનાં ઝાંઝર છે.' જતિ – ચૌદ વરસ ભેગાં રહ્યાં છે, પણ કોઈ દિવસ નજર ઊંચી કરીને, આંખથી આંખ મિલાવીને લક્ષ્મણજીએ સીતામાતાને જોયાં નથી. પણ એમનો નિયમ હતો દરરોજ સાંજે સીતામાતાને પ્રણામ કરવાનો.

**અને મેં ચરણારવિંદ વિના બીજું સીતાજીનું કોઈ અંગ દેખ્યું નથી. અને સાંજે પગે લાગવા જતો ત્યારે ઝાંઝર દીઠાં હતાં, માટે મેં ઝાંઝર ઓળખ્યાં.**

શ્રી સ્વામિનારાયણ ભગવાને પુરુષોને, ત્યાગીઓને નીચી નજરે ચાલવાની આજ્ઞા કરી છે. 'બાઈઓને દેખી ભાઈઓ આઘેરા ચાલે' એવાં પદ, કીર્તન રચ્યાં છે. યોગીબાપાની ભાષામાં કહીએ તો, ફાટી નજરે ફરતો હોય એ સામે જે આવે એ બધું જોતો હોય અને એટલું બધું મગજમાં ઘાલતો હોય. પછી મનની વૃત્તિ ભગવાનમાં અખંડ કેવી રીતે રહે ?

**એવી રીતે ચૌદ વર્ષ સુધી સેવામાં રહ્યા પણ દૃષ્ટિએ કરીને જાનકીજીનું સ્વરૂપ એક ચરણારવિંદ વિના બીજું દીઠું નહીં; માટે એવો હોય તે યતિ જાણવો.**

હનુમાનજીની સ્થિતિ બતાવીને તેમને યતિ કહ્યા. લક્ષ્મણજીની સ્થિતિ બતાવીને તેમને યતિ કહ્યા. એટલે ભગવાન શ્રી રામચંદ્રજીની જય બોલીએ છીએ ત્યારે 'રામ, લક્ષ્મણ, જાનકી, જય બોલો હનુમાન કી' બોલીએ છીએ. આ પાત્રો ભગવાનના અવતારની સાથે જોડાયેલાં પાત્રો છે. એ પાત્રોની જે સ્થિતિ છે, એને શ્રી સ્વામિનારાયણ ભગવાને ટૂંકમાં કહી દીધી કે, પહેલાં થઈ ગયેલા અવતાર અને એમના સમયના સંતો અને ભક્તો – એમનું જેવું માહાત્મ્ય સમજો છો, એવું અત્યારે ભગવાનનું પ્રગટ સ્વરૂપ અને એમના સમયના સંતો અને ભક્તોનું માહાત્મ્ય સમજવું ; કરવા જેવી બાબત આ છે.

**એમ કહીને શ્રીજી મહારાજ બોલ્યા જે, 'આ બ્રહ્માનંદ સ્વામી છે તે પણ તે જેવા જ છે.'**

બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને પ્રશ્ન પૂછ્યો, તો મહારાજ સભાજનોને, બાકીના સંતો-ભક્તોને હવે મહિમાની વાત કરે છે કે, અમે એવા પ્રગટ ભગવાન ને અમારા આ સાધુ બ્રહ્માનંદ – એ પણ જીવતો જાગતો જતિ છે ; એવો મહિમા સમજો એ મુદ્દો છે. જે કહેવાની વાત છે એ પણ શ્રી સ્વામિનારાયણ ભગવાને કહી દીધી કે, આ બ્રહ્માનંદ સ્વામી છે એ પણ એવા હનુમાનજી અને લક્ષ્મણજી જેવા જ છે.

**એમ સર્વે સભાને સાંભળતે સતે બ્રહ્માનંદ સ્વામીની શ્રીજી મહારાજે યતિપણાની બહુ પ્રશંસા કરીને ગામ બહાર પધાર્યા ને યજ્ઞ થયા હતા તે ઠેકાણે પરથાર ઉપર ઢોલિયો બિછાવ્યો હતો તે ઉપર પોતે વિરાજમાન થયા ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

આ જ 'વચનામૃત'માં ફરીથી પાછી બીજી સભા થાય છે, પણ આજની સભામાં અહીંયાં આપણે પૂર્ણાહુતિ કરીએ છીએ.

આવા પ્રભુના અવતારો, પ્રભુનાં સ્વરૂપો, ભગવાન શ્રી સ્વામિનારાયણના આશીર્વાદથી તેઓ સદા દિવ્ય, સાકાર, પ્રગટ અને પ્રત્યક્ષ છે અને એમના સમયમાં પણ આવા ઇન્દ્રિયનિગ્રહ અને નિર્વિકાર મન પ્રાપ્ત કરેલા સંતો-ભક્તો હયાત છે. એમને જાણવા, ઓળખવા, એમનો મહિમા સમજવો અને એવા સ્વરૂપને વિશે આપણો સમર્પણભાવ કરવો એ મહત્ત્વનો મુદ્દો છે !

શ્રી ઠાકોરજી મહારાજ, ગુરુહરિ સાહેબદાદાના શ્રી ચરણોમાં પ્રાર્થના કરીએ કે, અમારી પણ મનની આવી નિર્વિકાર અવસ્થા આપ કૃપા કરીને પ્રાપ્ત કરાવજો. આપ જેવા ક્રિયાયોગોમાં અમને જોડો એવા ક્રિયાયોગોમાં આપની કૃપા અને અનુગ્રહથી અમે અમારી મનની વૃત્તિને આપનામાં જોડી રાખીને, એક યંત્ર બનીને અમારા તંત્રને વાપરતા શીખી જઈએ અને 'બ્રહ્મેચરતિ ઇતિ બ્રહ્મચર્ય' મનની વૃત્તિ અખંડ ભગવાનમાં રાખીને એવું તનનું અને મનનું બ્રહ્મચર્ય પાળનારા ભગવા હૃદયના સાધુ અમે બની રહીએ એવી આપના શ્રીચરણોમાં મંગલ પ્રાર્થના !

જય શ્રી સ્વામિનારાયણ ! ◆



# સાહેબજીની પધરામણીની ઘડીઓ રળિયામણી



**૧ ડિસેમ્બર, શુક્રવાર...** બ્રહ્મજ્યોતિ, મોગરીથી નીકળી નર્મદા જિલ્લાના કેવડિયા-એકતાનગર ખાતે યોજિત સક્રિય યુવા કાર્યકરોની ત્રિદિવસીય શિબિર માટે કેવડિયા પધાર્યા. બપોરે 'ગુજરાત સ્ટેટ કો-ઑપરેટિવ બૅન્ક'ની હૉટેલના પ્રાંગણમાં સૌ ભક્તોએ ભવ્ય સ્વાગત કર્યાં. સાંજે 'કેવડિયા કૉમ્યુનિટી હૉલ'ના પ્રાંગણમાં વડોદરા અને અંકલેશ્વરના ભક્તો દ્વારા નૃત્યભકિત દ્વારા પ્રસ્તુત થયેલ સ્વાગતોત્સવમાં સૌના ભાવનો સ્વીકાર કરી શિબિરના પ્રથમ સત્રની સભામાં સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૨ ડિસેમ્બર, શનિવાર...** સવારે 'કેવડિયા કૉમ્યુનિટી હૉલ'માં શિબિરના દ્વિતીય સત્રમાં પધારી 'આશરો, નિશ્ચય, માહાત્મ્ય અને સેવા' વિષય પર માર્ગદર્શન આપી સૌને આશીર્વાદ આપ્યા. સાંજે સૌ સંતો-ભક્તો સાથે સ્ટૅચ્યૂ ઑફ યુનિટીની મુલાકાત લીધી.

**૩ ડિસેમ્બર, રવિવાર...** સવારે 'કેવડિયા કૉમ્યુનિટી હૉલ'માં પધારી શિબિર પૂર્ણાહુતિ સભામાં આશીર્વાદ આપ્યા. સૌને દર્શન-સમાગમનું સુખ આપી રાત્રે બ્રહ્મજ્યોતિ, મોગરી પરત પધાર્યા.

**૪ ડિસેમ્બર, સોમવાર...** બ્રહ્મજ્યોતિમાં બિરાજી સ્થાનિક તથા દર્શનાર્થે પધારેલ ભક્તોને સત્સંગ-સમાગમનું સુખ આપ્યું.

**૫ ડિસેમ્બર, મંગળવાર...** બ્રહ્મજ્યોતિમાં બિરાજી સ્થાનિક તથા દર્શનાર્થે પધારેલ ભક્તોને મુલાકાત-ગોષ્ઠિનું સુખ આપ્યું.

**૬ ડિસેમ્બર, બુધવાર...** સાંજે 'તીરથ'ના ઑડિટોરિયમમાં યોજેલ વ્રતધારી સંતોની સભામાં સૌને સત્સંગલાભ અને આશીર્વાદ આપ્યા.

**૭ ડિસેમ્બર, ગુરુવાર...** સવારે મોરબી જવા પ્રયાણ કર્યું. બપોરે મોરબીમાં મહેશભાઈ-જાગૃતિબહેનના ઘરે પધાર્યા, જ્યાં સૌ ભક્તોએ ભાવથી સ્વાગત કર્યાં. સાંજે કાનાભાઈ-ભાનુબહેનની દીકરી ચિ. દિવ્યા-ચિ. દિવ્યેશના રિસૅપ્શનમાં પધારી નવદંપતીને આશીર્વાદ આપ્યા તથા પધારેલ સૌ ભક્તોને દર્શન-સમાગમનું સુખ આપ્યું.

જ્યારે માતા-પિતા અને વડીલો તેમનાં સંતાનો સાથે આવી ઘરસભામાં ભાગ લેવાનું નક્કી કરે છે, ત્યારે તે વણકહ્યા ઘણા સંદેશા કહી જાય છે. જેવા કે, 'મને તમારા જીવનમાં જે કંઈ બની રહ્યું છે તેની સાથે નિસ્બત છે.' 'હું ગમે તેટલો વ્યસ્ત હોઈશ તો પણ તમારા માટે સમય અવશ્ય ફાળવીશ' ને 'તમે ચાહો ત્યારે મારી પાસે આવી શકો છો, હું ચોક્કસપણે તમને સાંભળીશ.' માતા-પિતા અને સંતાનો વચ્ચેના આવા નિયમિત સંવાદોથી સમય જતાં આપણા મગજના બંધારણમાં neuroplasticity (ન્યૂરોપ્લાસ્ટિસિટી) દ્વારા સકારાત્મક બદલાવ આવી શકે છે. Neuroplasticity (ન્યૂરોપ્લાસ્ટિસિટી) એ મગજની સમયની સાથે બદલાવ લાવવાની અને સ્વીકાર કરવાની અદ્ભુત ક્ષમતા છે. આપણે આપણાં સંતાનો સાથે જેટલા સકારાત્મક રીતે વર્તીશું, તેટલાં આપણાં મગજ સ્વસ્થ સંબંધો બાંધવા ને સ્વીકારવા સક્ષમ બનશે.

મતલબ કે, સંતાનો સાથેના આપણા સંબંધો તેઓના જીવનમાં સંબધો જાળવવા માટેની છાપ બની રહે છે. આપણા વર્તનના અવલોકન દ્વારા તેઓ પોતે સંબંધોમાં કેવું વર્તવું જોઈએ અને કેટલો સ્વીકાર કરવો જોઈએ તે વિવેક શીખે છે. જ્યારે સંતાનો એવો અનુભવ કરે છે કે, વડીલો તેમને ધ્યાન દઈને સાંભળે છે, તેમની વાતોને અનુમોદન આપે છે અને તેઓ સાથે તેમનો કીમતી સમય ફાળવે છે ; ત્યારે તેઓ જાણ્યે-અજાણ્યે પણ તંદુરસ્ત સંબંધો કેવા હોય તે શીખે છે. આપણાં સંતાનો સાથે આવો કીમતી સમય ફાળવીને આપણે તેઓને પરિપકવ મિત્રતા અને ગાઢ સ્નેહસંબંધો વિકસાવવા માટે તૈયાર કરીએ છીએ.

સંતભગવંત સાહેબદાદા પણ હંમેશાં ભારપૂર્વક કહે છે કે, 'સત્સંગનો પ્રારંભ તો ઘરથી જ થાય છે.' ઘરસભા આપણાં ઘરોમાં આધ્યાત્મિકતા લાવે છે અને આપણને આપણાં સંતાનો સાથેના સ્વસ્થ સંવાદોને પ્રોત્સાહન આપે છે. તેમજ આપણાં સંતાનોના જીવનમાં ઘટતી ઘટનાઓ બાબતે આપણને થતી ચિંતા ઘટાડે છે.

એક સત્સંગીએ ઘરસભાના પરિણામે પોતાના ૧૧ વર્ષના દીકરા સાથેના સંબંધમાં જે સુધારો થયો તેનો ખૂબ પ્રેરણાદાયી પ્રસંગ જણાવ્યો હતો. અગાઉ, આ શરમાળ દીકરા સાથે મુક્ત મને સંવાદ કરવો એ તેમના માટે મુશ્કેલ બાબત હતી. પરંતુ, ઘરસભા શરૂ કર્યા પછી તેમને તેમના દીકરાની યોજનાઓ, મુશ્કેલીઓ અને તેના મિત્રો અંગે ખૂલીને ચર્ચા કરવાનું ઠેકાણું મળી ગયું. આ સત્સંગીએ આગળ જણાવ્યું કે, 'મને તો એવું લાગે છે કે, ઘરસભા ચાલુ કર્યા પહેલાં જાણે હું મારા દીકરાને જાણતો જ નહોતો.'

ઘરસભા એ પરિવારમાં સંવાદિતા સ્થાપવાનું અને સંબંધોને ગાઢ બનાવવાનું અપાર સામર્થ્ય ધરાવે છે. અને જ્યારે આપણે આપણાં ઘરોમાં સંવાદિતાને પ્રાધાન્ય આપીએ છીએ ત્યારે આપણા જીવનનાં દરેક પાસાંઓમાં સકારાત્મકતાનો ઉજાસ ઝળહળવા માંડે છે. ◆

*(સહેલી શેઠના 'બ્રહ્મનિર્ઝર-નવે. '૨૩' અંકમાં પ્રકાશિત મૂળ અંગ્રેજી લેખનો ભાવાનુવાદ)*



# આધ્યાત્મિકતા અને પતંગ

~ ડૉ. અમીબહેન પટેલ (અમદાવાદ)

**પતંગ** રસિયા પતંગનો ઢઢ્ઢો જોઈ પતંગ લેવી કે ના લેવી તે નક્કી કરે છે. ઢઢ્ઢો ટાઈટ હોય એ પતંગ બરાબર ચઢે નહીં એટલે એવી પતંગ ના ખરીદે. આધ્યાત્મિકતામાં પણ માનરૂપી ઢઢ્ઢો ટાઈટ હોય તે ઉપર ઊઠી ન શકે. પણ સત્પુરુષ કોઈ ભેદ રાખ્યા વગર, કૃપા કરીને દરેકનો સ્વીકાર કરે છે.

પતંગની સ્થિરતા તેની કમાન પર આધારિત છે. તેમ આધ્યાત્મિકતામાં સ્થિરતા સત્પુરુષ સાથેના જોડાણ પર આધારિત છે. પવન ઓછો હોય તો ઠૂમકા મારવા પડે. હાથ પણ દુઃખી જાય. પવન બરાબર હોય તો ઢીલ મૂકે અને પતંગ સડસડાટ ઉપર ચડે. આધ્યાત્મિક પ્રગતિમાં પ્રસંગ આવે ત્યારે ધૂન-ભજન અને નિર્દોષબુદ્ધિની ઢીલ છોડે તો સડસડાટ વધે. પ્રસંગે મૂંઝવણ આવે ત્યારે ધૂન-ભજન ઓછાં પડે અને પ્રભુને કર્તા-હર્તા ન મનાય તો સત્સંગમાં ટકી રહેવા સંઘર્ષ કરવો પડે, હારી જવાય. ક્યારે ઢીલ મૂકવી અને ક્યારે ઠૂમકા મારવા એ આવડી જાય તો ગમે તેવી પતંગ આકાશમાં ચઢી જાય. તેમ સત્સંગમાં ક્યારે શું પકડવું અને શું છોડવું તે આવડી જાય તો ગમે તેટલા કઠિન સમયમાં પણ તકલીફ ના પડે. આજ્ઞા અને સંતસમાગમ, ધૂન, નિર્દોષબુદ્ધિ પકડી રખાય અને અભાવ-અવગુણ છોડી દેવાય તો ગમે તેવા જટિલ પ્રસંગે પણ સત્સંગમાં આનંદ રહે.

ફીરકી પકડનાર સાથીદાર ફીરકી એવી કુશળતાથી પકડે કે જ્યારે જરૂર હોય ત્યારે દોરીથી ઢીલ છોડે અને દોરી વીંટતી વખતે ગૂંચ પડવા ન દે અને જો ગૂંચ પડે તો ઉકેલી આપે. બે સારા સાધુ અને ત્રણ સારા હરિભક્ત સાથે સમાગમ હોય તો પ્રસંગે મૂંઝવણ આવે ત્યારે મહિમા અને ગુણગાન ગાઈ મૂંઝવણમાંથી બહાર કાઢી દે.

પતંગ ચગાવતી વખતે બીજા વચ્ચે ઝોળ નાંખે, કાપવા પણ આવે; હાથમાં ચીરા પણ પડે અને પીડા પણ થાય. પણ જેનો માંજો સારો હશે તેને કંઈ નહીં નડે. સત્સંગમાં દેહભાવ ટાળવા પ્રસંગ આવશે અને પીડા આપશે. જેની ધૂન-ભજન-કથાવાર્તા ઉપર પકડ હશે, આજ્ઞારૂપી દોર જેણે પકડી રાખ્યો હશે અને સત્પુરુષને રાજી કરવાની રુચિ હશે તે હસતાં રમતાં દેહભાવથી ઉપર ઊઠી જશે.

જેની પતંગ આકાશમાં સ્થિર થાય તે બીજાને સહેલનો આનંદ આપે; હવે તેને બીજી કોઈ પતંગ વચ્ચે નડશે નહીં. એવી રીતે સત્સંગમાં જેની ઉપાસના દઢ થાય તે પોતે સ્થિર થઈ જાય છે અને બીજાને સ્થિર થવામાં મદદરૂપ થાય છે. હવે એને પ્રસંગ દુઃખી નહીં કરી શકે.

પતંગ જો ફાટે તો તેને સાંધવી પડે, નહીંતર ચડે જ નહીં. તેમ જો સત્પુરુષનો અભાવ આવે તો તેને પ્રાયશ્ચિત્તરૂપી પ્રાર્થના કરી ઓગાળવો જ પડે, નહીંતર સત્સંગમાં આગળ ના વધાય અને પડી જવાય. મૂળ દોરી સાથેનું પતંગનું જોડાણ છૂટે તો પતંગ તૂટે અને જમીન પર પટકાય. અક્ષરધામ તરફ ગતિ હોય ત્યારે જાગરૂકતા ના રહે અને આજ્ઞારૂપી દોરી અને ગુરુને રાજી કરવાનો ભાવ છૂટે તો નિશાન ચૂકી જવાય.

યોગીજી મહારાજ અને સંતો ઘરે પધાર્યા ત્યારે બાળ જશુ સંતસેવા અને સમાગમ મૂકી પતંગ ચગાવવાનો નિર્દોષ આનંદ માણવા સાથીદારો સાથે ગયા. આધ્યાત્મિક ઈતિહાસમાં કોઈ ગુરુએ પતંગ જેવી નિર્દોષ રમત છોડી દેવાની પોતાના શિષ્યને ભાગ્યે જ આજ્ઞા કરી હશે. 'તમારામાં તલમાત્ર કસર નહીં રહેવા દઉં.' શ્રીજીના આ સંકલ્પને સાર્થક કરવા પ્રભુના સ્વરૂપ યોગીજી મહારાજે જશુને આવી આજ્ઞા આપી. ગુરુની આજ્ઞામાં દેહભાવ ટાળવાનું સામર્થ્ય હોય છે. શિષ્ય પણ એટલો જ કૃતનિશ્ચયી કે એ પળે જ ગુરુના વચન આગળ પતંગ ચગાવવાનો શોખ ગૌણ થઈ ગયો. બાળ જશુને પતંગ ચગાવવાનો જેટલો આનંદ આવતો હતો તેનાથી અનંતગણો આનંદ ગુરુના વચને ગુરુને રાજી કરવા સમર્પિત થવામાં આવતો હતો. આજ્ઞા, ઉપાસનાની દઢતા, મહિમાયુક્ત સેવા, પ્રસંગે નિર્દોષબુદ્ધિ, ભગવાનનું અને ધૂનનું બળ લઈ બાળ જશુ અખંડ ચિદાકાશમાં રહેતા થઈ ગયા. સાહેબદાદાએ વર્ષો બાદ પપ્પાજીની આજ્ઞાથી પતંગ ચગાવી અને તે પણ ભક્તોના આનંદ માટે સ્મૃતિ આપવાની કલ્યાણકારી અને દિવ્ય ક્રિયામાત્ર હતી. તેમણે જીવનભર યોગીજી મહારાજની સ્મૃતિ અને આજ્ઞારૂપી દોર પકડી રાખી યોગીજી મહારાજને રાજી રાખવાનું અનુસંધાન રાખ્યું તો તેઓ પ્રભુને રહેવાનું ધામ બની ગયા. અને અત્યારે પોતાના ભક્તોને પ્રભુના આનંદની સહેલ આપી રહ્યા છે.

આપણે પણ નિયમ અને શિસ્તમાં રહી આજુબાજુવાળાની પતંગ કાપ્યા વગર તેમને પતંગ ચગાવવાનો આનંદ માણવા દઈએ તો આપણી પતંગ આકાશમાં ઊંચે પણ ચડશે અને સ્થિર પણ રહેશે. તેવી જ રીતે જીવનમાં કુસંગ, ઈર્ષા, વાદવિવાદ, ટીકાટિપ્પણ છોડી પ્રભુ અને ગુરુએ આપેલ નિયમ-ધર્મ પ્રમાણે જીવીશું તો અનેરી આધ્યાત્મિક ઊંચાઈ પ્રાપ્ત થશે અને ગુરુકૃપાથી સહેજે સહેજે અખંડ ચિદાકાશમાં રહેતા થઈ જવાશે.

મકરસંક્રાંતિ એટલે સૂર્યની દક્ષિણથી ઉત્તર તરફ મકર રાશિમાં ગતિ. શુભ કાર્ય કરવા માટે ઉત્તમ સમય. જ્યારે જીવ સત્સંગમાં ગુરુને રાજી કરવાના ભાવથી જીવે, ઉપાસના દઢ હોય અને સંપ, સુહૃદભાવ તથા એકતા રાખી મંડે તો જીવભાવ ઓગળી જાય અને દિવ્યભાવમાં સંક્રમણ થઈ જાય. ◆



સ્વામિશ્રીજી

# સત્સંગ સમાચાર

## અનુપમ મિશનના શિણાય-કચ્છ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ

સન ૨૦૦૧માં કચ્છ-ગુજરાતમાં આવેલ ભૂકંપથી ગ્રસ્ત વિસ્તારોમાં સંતભગવંત સાહેબજીની અનુકંપા અને સેવાભાવનાએ અનુપમ મિશન દ્વારા તાત્કાલિક રાહતકાર્યો આરંભાયાં. રહેવા માટેની છાવણીઓ તૈયાર કરાઈ, ટૅન્ટનાં વિતરણ કરાયાં. નાના દહીસરા ગામ દત્તક લઈ પુનઃસ્થાપન કરાયું. શિણાય ખાતે અનાથ બાળકો માટે આશ્રમ સ્થપાયો. સંતોની હૂંફ હેઠળ 'ધર્મ-ભક્તિ નિકેતન' આવાસગૃહમાં બાળકો ઊછર્યાં અને તેઓનાં શિક્ષણ, રોજિંદા જીવનની જરૂરિયાતો અને સ્થાયી થવા સુધીની સઘળી જવાબદારી અનુપમ મિશન દ્વારા પૂરી પાડવામાં આવી.

આશ્રમમાં નાનું દેવસ્થાન હતું, જ્યાં આશ્રમનિવાસી બાળકો દૈનિક પૂજા-પ્રાર્થના કરે, થાળ-આરતી અર્પણ કરે અને અઠવાડિક



આશીર્દાન : સંતભગવંત સાહેબજી

સત્સંગસભા પણ કરે. નગરજનો પણ અઠવાડિક સત્સંગસભામાં પધારે. સંતોની નિયમિત પધરામણી તથા સંતભગવંત સાહેબજીની પ્રેરણાથી થતાં સેવાનાં કાર્યોની મહેક ચોમેર પ્રસરી. મંડળના ભક્તોની ભાવના અને સંતોની પ્રાર્થનાથી આશ્રમનું મંદિર હરિમંદિરમાં પરિણમ્યું અને શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની આરસની મૂર્તિઓ પધરાવાઈ. પ્રભુ સર્વ ગુણાતીત સ્વરૂપો સાથે બિરાજ્યા. આ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ ૯ અને ૧૦ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ સંતભગવંત સાહેબજી, સદ્ગુરુ સંતોની દિવ્ય સંનિધિમાં અનેક મહાનુભાવો તથા સંતો-ભક્તોની ઉપસ્થિતિમાં અપાર ભક્તિભાવે સંપન્ન થયો.

સંતભગવંત સાહેબજી ૯ ડિસેમ્બરના રોજ શિણાય પધાર્યા. સાંજે સ્વાગત અને શ્રી ઠાકોરજીનાં નગરદર્શનની અદ્ભુત શોભાયાત્રા યોજાઈ. શિવમંદિરથી આશ્રમ સુધીની આ શોભાયાત્રામાં સંગીતનો રથ, બાઈક પર સવાર યુવકો, એન.સી.સી. કૅડેટ્સ, શ્રી ઠાકોરજી મહારાજનો સુશોભિત રથ, સંતભગવંત સાહેબજીનો કલાત્મક રથ, ખુલ્લી જીપમાં વડીલ સંતો તેમજ સૌ સંતો-ભક્તો પોતાના હસ્તમાં વિવિધ ધજા, આધ્યાત્મિક જીવનસૂત્રો, પવિત્ર ધાર્મિક ચિહ્નો અને અંતરમાં અપાર આનંદ લઈને જોડાયા. બાળસભાની દીકરીઓ કળશ તથા મંત્રપોથી લઈને ચાલ્યાં. શિવ મંદિરના ટ્રસ્ટીશ્રી નાવાણીસાહેબ તથા પ્રૉફેસર બી. વી.



શ્રીમતી ડૉ. નીમાબહેન આચાર્ય



નગર શોભાયાત્રા બાદ મંદિર પરિસરમાં પધારેલ શ્રી ઠાકોરજીનાં ભૂલકાંઓ, યુવાનો-યુવતીઓ દ્વારા ભક્તિભાવે વધામણાં



સાધુ પૂ. અશોકદાસજી



સાધુ પૂ. દિલીપદાસજી

વ્યાસસાહેબ અને સ્થાનિક આગેવાન ચંદ્રકાંતભાઈએ શ્રી ઠાકોરજી મહારાજ, સંતભગવંત સાહેબજી અને સૌ સંતોનાં સ્વાગત-પૂજન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા. શોભાયાત્રા જે જે સ્થાનોએથી પસાર થઈ તે તે સ્થાનોના મહાનુભાવો-પ્રતિનિધિઓએ શ્રી ઠાકોરજી મહારાજનાં વધામણાં કર્યાં.

ખાસ તો શિણાય ગામના શ્રી ક્રિષ્ના બૅન્ડ સાથે ૫૦ દીકરીઓ એકસરખા ડ્રેસકોડમાં તેમજ શિણાય મહિલા મંડળનાં દેવુબહેન સાથે ૫૦ બહેનો એકસરખા ડ્રેસકોડમાં શોભાયાત્રામાં જોડાયાં અને વિશેષ ભક્તિ અદા કરી. શોભાયાત્રા આશ્રમે પહોંચતાં મંદિર પરિસરમાં શ્રી નીલકંઠવર્ણી વિદ્યાલયની વિદ્યાર્થિનીઓએ નૃત્યભક્તિ દ્વારા શ્રી ઠાકોરજી મહારાજ, સંતભગવંત સાહેબજી અને સૌ સંતો-ભક્તોનાં ભાવપૂર્ણ સ્વાગત કર્યાં અને ત્યારબાદ આખી શોભાયાત્રા સભામાં ફેરવાઈ ગઈ. બાળસભાનાં દીકરા-દીકરીઓએ પણ નૃત્યભક્તિ અદા કરી. સત્સંગી બહેનોએ રાસ લઈને અને સૌ યુવાનોએ જોશીલી ભક્તિ સાથે પ્રભુચરણે, ગુરુચરણે સ્વાગત-આનંદના ભાવ ધર્યા.

આ પ્રસંગે ગુજરાત વિધાનસભાનાં પૂર્વ અધ્યક્ષા શ્રીમતી ડૉ. નીમાબહેન આચાર્ય પધાર્યાં અને સાથે જિલ્લા ભાજપ મહામંત્રી શ્રી ધવલભાઈ આચાર્ય, શ્રી માવજીભાઈ સોરઠિયા, શ્રી નીલેશભાઈ પટેલ (ફ્લૉરિડા-અમેરિકા) અને મોરબી, માણાવદર, જૂનાગઢ, અમદાવાદ તથા અનેક મંડળના અગ્રણી ભક્તો ઉપસ્થિત રહ્યા. માહાત્મ્યદર્શન સભામાં શ્રીમતી ડૉ. નીમાબહેન આચાર્યએ સંતભગવંત સાહેબજીના દિવ્ય જીવનની, અનુપમ મિશનની સેવાકીય પ્રવૃત્તિઓની સરાહના કરી સૌને પ્રેરિત કર્યા. સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ પ્રદાન કર્યા.



સાધુ પૂ. હરેશદાસજી



સાધુ પૂ. ગૌતમદાસજી

બીજા દિવસે ૧૦ ડિસેમ્બરની સવારે સંતભગવંત સાહેબજીના પરમ દિવ્ય સાંનિધ્યે મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા વિધિ સંપન્ન થઈ. આચાર્યપદેથી સાધુ પૂ. અશોકદાસજી અને સાધુ પૂ. ઉત્પલદાસજીએ મૂર્તિપ્રતિષ્ઠા મહાપૂજા વિધિ ખૂબ સુંદર રીતે કરાવી. વડીલ સાધુ પૂ. દિલીપદાસજી, પૂ. ગૌતમદાસજી, પૂ. ઉમેશદાસજી, પૂ. દિનેશદાસજી, પૂ. અશોકદાસજી (એ. ટી.), પૂ. મૂકેશદાસજી આદિ સૌ સંતો પ્રતિષ્ઠાવિધિમાં જોડાયા. સંતભગવંત સાહેબજીએ શ્રી મુક્ત-અક્ષર-પુરુષોત્તમ મહારાજની મૂર્તિઓ સ્થાપિત કરી પ્રાણ પૂર્યા. વડીલ સાધુ પૂ. દિલીપદાસજી અને પૂ. ગૌતમદાસજીએ સર્વ ગુણાતીત સ્વરૂપોની મૂર્તિઓની સ્થાપના કરી. ત્યારબાદ શ્રી નીલકંઠવર્ણી વિદ્યાલયના ગ્રાઉન્ડમાં મહોત્સવની મુખ્ય સભા યોજાઈ.

અમિતભાઈ, દીપ્તિબહેન, દ્યુતિબહેનના મધુર કંઠે ગવાયેલ આવાહ્ન શ્લોક, ધૂન, ભજનથી સભાની શરૂઆત થઈ. સંતભગવંત



નગર શોભાયાત્રા બાદ સભામાં સંતભગવંત સાહેબજીનાં પ્રસન્નતાપૂર્ણ આશીર્દાન



સાહેબજીના સાંનિધ્યમાં મૂર્તિપ્રતિષ્ઠાવિધિમાં સંમિલિત સંતો-અક્ષરમુક્તો

સાહેબજી અને સંતોનાં પુષ્પોથી સ્વાગત થયા બાદ આ પ્રસંગે ખાસ પધારેલાં ગુજરાત વિધાનસભાનાં પૂર્વ અધ્યક્ષા ડૉ. નીમાબહેન આચાર્ય તથા ધારાસભ્ય શ્રીમતી માલતીબહેન મહેશ્વરીનું પુષ્પહારથી સ્વાગત કરાયું. કચ્છ જિલ્લા ભાજપ મહામંત્રી શ્રી ધવલભાઈ આચાર્ય, અંતરજાળ ગામના ઉપસરપંચશ્રી ધરમશીભાઈ જરુ, શિણાય ગામના સરપંચ શ્રી દીપકભાઈ, માવજીભાઈ સોરઠિયા, પાતળિયા હનુમાન મંદિરના ટ્રસ્ટીશ્રી શંભુભાઈ, ગોપાલભાઈ હડિયા, સુનીલભાઈ હડિયા, નીલેશભાઈ પટેલ (ફ્લૉરિડા), કનુભાઈ (મોરબી), કાનાભાઈ (મોરબી) આદિ મંચસ્થ મહાનુભાવોનાં પણ ભાવથી સ્વાગત કરાયાં.

સક્રિય યુવાન ડૉ. જતીન ટાંકે પ્રાસંગિક ઉદ્બોધનમાં ધરતીકંપ બાદ સંતભગવંત સાહેબજીએ તેમનાં જેવાં અનેક બાળકોનો સ્વીકાર કર્યો અને સાધુ પૂ. રણછોડદાસજી જેવા સાધુના સંગે રાખ્યા તો જીવનનો ઉદ્ધાર થયો તેની ખૂબ ભાવપૂર્ણ રજૂઆત કરી. ત્યારબાદ નીલેશભાઈ પટેલ, કનુભાઈ, શિણાય ગામના સરપંચશ્રી દીપકભાઈએ પ્રાસંગિક મહિમાગાન કર્યાં. પ્રાદેશિક સંતો સાધુ પૂ. અશોકદાસજી, સાધુ પૂ. હરેશદાસજી અને સાધુ પૂ. ગૌતમદાસજીએ પણ ખૂબ સરસ વાતો કરી સૌનાં અંતર માહાત્મ્યથી છલકાવી દીધાં. શ્રી ધવલભાઈ આચાર્યએ સંતભગવંત સાહેબજીના મહિમાનાં વર્ણન કરી પ્રસંગની ધન્યતા વ્યક્ત કરી. વડીલ સાધુ પૂ. દિલીપદાસજીએ ધરતીકંપથી લઈને અત્યાર સુધી કચ્છમાં અનુપમ મિશન દ્વારા જે સેવાકીય પ્રવૃત્તિઓ થઈ તેની વિગતે વાતો કરી. અંતે, સંતભગવંત સાહેબજીએ શિણાય સ્થિત ઉપાસના ધામમાં બિરાજમાન શ્રી મુક્ત-અક્ષર-પુરુષોત્તમ મહારાજ સમક્ષ સૌ કોઈ જે પ્રાર્થના-સંકલ્પ કરશે તે સાકાર થશે જ તેવા રૂડા આશીર્વાદ પ્રદાન કર્યા. શ્રી ઠાકોરજી મહારાજને અન્નકૂટ ધરાવી ભક્તોએ ભાવ અર્પણ કર્યા અને આરતી ઉતારી વંદના ધરી. આ દિવ્ય અવસરે પધારેલ સૌ મહાનુભાવોને ખેસ, શાલ અને શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિ આપી સંતભગવંત સાહેબજી, વડીલ સાધુ પૂ. દિલીપદાસજી, સાધુ પૂ. ગૌતમદાસજી, સાધુ પૂ. અશોકદાસજી દ્વારા સન્માન કરાયાં.

આ મહોત્સવને સફળ બનાવવા અને સંતભગવંત સાહેબજીને રાજી કરવા માટે સૌ હરિભક્તોએ ખૂબ સારી જહેમત ઉઠાવી. રસોડાની વ્યવસ્થા, જનરલ વ્યવસ્થાકીય સેવા, શોભાયાત્રાની વ્યવસ્થા, ઈલેક્ટ્રિક વિભાગ, સાઉન્ડ સિસ્ટમ, ઉતારા વ્યવસ્થા, ફોટોગ્રાફી, વિડિયોગ્રાફી, સૂરવૃંદ, સુશોભન, મંચવ્યવસ્થા, અન્નકૂટ ગોઠવવાની સેવા, સભાવ્યવસ્થા, સભાસંચાલન, નૃત્યભક્તિ આદિ સેવાઓ સંતોનાં માર્ગદર્શને સ્થાનિક સક્રિય કાર્યકર્તાઓ, યુવાનો-યુવતીઓ, શ્રી નીલકંઠવર્ણી વિદ્યાલયના વિદ્યાર્થીઓ, જૂનાગઢ, માણાવદર મંડળના ભક્તોએ તન-મન-ધનથી અત્યંત સમર્પિતભાવે કરી. ◆

## વડોદરા મંડળમાં અન્નકૂટ ઉત્સવ

૧૦ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને સદ્ગુરુ સાધુ પૂ. હર્ષદદાદાના સાંનિધ્યે પ્રાદેશિક સંતો સાધુ પૂ. રમેશદાસજી (કપિલ) અને સાધુ પૂ. હરેશદાસજીનાં માર્ગદર્શને વડોદરા મંડળના અક્ષરમુક્તોએ અન્નકૂટ ઉત્સવની ભક્તિભાવે સુંદર ઉજવણી કરી. ઉપાસના પ્રવર્તન માટે ગુરુદેવ યોગીજી મહારાજના ડમણિયામાં વિચરણથી લઈને સંતભગવંત સાહેબજીની વૈશ્વિક ધર્મયાત્રાની સુવર્ણ જયંતી પ્રસંગે ઍરોપ્લૅન અને બિસ્કિટમાંથી બનાવેલ મંદિરજીની પ્રતિકૃતિ સુશોભન અને ઉત્સવનાં મુખ્ય આકર્ષણ હતાં. બહેનોએ ભાવથી બનાવેલ વ્યંજનો અત્યંત કલાત્મક રીતે સેવકોએ શ્રી ઠાકોરજી સમક્ષ ધરાવ્યાં. સૂરવૃંદનાં યુવાનો-યુવતીઓએ ભાવવાહી થાળનાં ગાન કરી પ્રભુને અન્નકૂટ જમાડ્યો. મુખ્ય થાળનાં ગાન દરમિયાન હૉલમાં ઉપસ્થિત પ્રત્યેક સંતો-ભક્તોને મીઠાઈની વાનગી આપવામાં આવી, જે સૌએ ખૂબ ભાવથી શ્રી ઠાકોરજીને ધરાવી. વડોદરા સત્સંગમંડળના પ્રમુખ અશ્વિનભાઈએ આ પ્રસંગે પધારેલ સંતો-અક્ષરમુક્તોનાં સ્વાગત કર્યાં. સાધુ પૂ. હરેશદાસજીએ પ્રાસંગિક ઉદ્બોધનમાં મહિમાગાન કર્યાં. સદ્ગુરુ સાધુ પૂ. હર્ષદદાદાએ આશીર્વાદમાં સૌની ભક્તિને બિરદાવી મહિમાપૂર્ણ જીવન જીવવાની સમજ આપી. સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ વરસાવી અલૌકિક આધ્યાત્મિક લાભ આપ્યો. યુવાકાર્યકર મેહુલ પટેલે સૌનો આભાર વ્યક્ત કર્યો અને પાર્થ ચૌહાણે સભાસંચાલન કરી ભક્તિ અદા કરી. ◆



વડોદરા મંડળના અન્નકૂટ ઉત્સવમાં સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાનાં આશીર્દાન

## શ્રી વડતાલધામ પદયાત્રા

સંતભગવંત સાહેબજીની પ્રેરણા અને આશિષથી પ્રતિ વર્ષની જેમ આ વર્ષે શ્રી વડતાલધામ પદયાત્રા ૩૧ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ યોજાઈ, જેમાં ભાગ લેવા દેશ-વિદેશનાં અનેક મંડળોના ભક્તો પધાર્યા અને સંતો પણ જોડાયા. વિશેષ તો, સંતભગવંત સાહેબજીના સાંનિધ્યે ભારતમાં ચાલી રહેલ ઇન્ટરનેશનલ યૂથ રિટ્રીટના યુવાન શિબિરાર્થીઓ પણ આ પદયાત્રામાં જોડાયા. સન ૧૮૦૧માં ૩૧ ડિસેમ્બરના રોજ ભગવાન શ્રી સ્વામિનારાયણે સંપ્રદાયના સૌ આશ્રિતો માટે અને મનુષ્યમાત્રના કલ્યાણ માટે 'સ્વામિનારાયણ' મહામંત્રનો ઉદ્‌ઘોષ કર્યો, આ 'મહામંત્ર ઉદ્‌ઘોષ દિન'ની વિશેષ સ્મૃતિમાં આ વર્ષે શ્રી વડતાલ ધામ પદયાત્રા યોજાઈ. આખા વર્ષ દરમિયાન ભગવાન અને ગુરુ રાજી ન થાય એવું કંઈ જિવાયું કે વર્તાયું હોય તેની શ્રી હરિકૃષ્ણ મહારાજના શ્રીચરણે માફી માંગવા અને આવનારા નૂતન વર્ષે ભગવાન અને ગુરુ પ્રસન્ન થાય તેવી ભક્તિ અદા કરવાની બુદ્ધિ અને શક્તિ પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના કરવાના શુભ ભાવ પણ આ પદયાત્રાનાં આયોજનમાં રહ્યા.

વહેલી સવારે ૪:૩૦ વાગ્યે નૂતન મંદિરજી સમક્ષ સૌ સંતો-ભક્તોએ ધૂન-પ્રાર્થના કરીને પદયાત્રાનો આરંભ કર્યો. પદયાત્રીઓ માટે માર્ગમાં વલ્લભવિદ્યાનગર મંડળના ભક્તોએ ગરમ ચા-બિસ્કિટની વ્યવસ્થા કરી. વહેલી સવારે ઠંડી ઋતુમાં આવી મહિમાસભર ભક્તિ અદા કરનાર સૌ ભક્તો અને સેવકો પર સંતભગવંત સાહેબજીએ અત્યંત રાજીપો વરસાવ્યો. વડતાલ મંદિરે સવારે શણગાર આરતી પૂર્વે સૌએ પહોંચી ધૂન-પ્રાર્થના અને આરતી અર્પણ કરી ભક્તિ અદા કરી. ત્યારબાદ શ્રી લક્ષ્મીનારાયણ સ્કૂલના પરિસરમાં યોજિત સભામાં સૌ પધાર્યા.

સભામાં યુવાનોએ સંતભગવંત સાહેબજી અને સંતોનાં સ્વાગત બૅન્ડવાદન સાથે કર્યાં. ત્યારબાદ વિશિષ્ટ રીતે સ્વાગતનૃત્ય પ્રસ્તુત કરી તન, મન, ધન સાહેબજીના ચરણોમાં અર્પણ કરવાની ભાવના વ્યક્ત કરી. યુવાનોની જોશીલી મહિમાવંત ભક્તિથી પ્રસન્ન થઈ સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોએ તેઓ પર આશીર્વાદ વરસાવ્યા. 'સ્વામિનારાયણ' મહામંત્રના મહિમાને ઉજાગર કરતા યુવાસાધુ પૂ. સૌમ્યદાસ દ્વારા રચિત નૂતન કીર્તનનાં ગાન કરીને શ્રી યોગી યુવા સૂરવૃંદના યુવાનોએ ભક્તિભાવ રેલાવ્યા. સંતભગવંત સાહેબજીએ પદયાત્રા-ભક્તિ અદા કરનાર સૌ પર પ્રસન્નતાના આશીર્વાદ વરસાવ્યા. યુવક યોજશ પટેલે 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્ર-મુકિતમંત્રની અર્થસભર સમજૂતી સાથે તેના ઉદ્‌ઘોષના યથાર્થ તાત્પર્ય અંગે સુંદર મહિમાગાન કર્યાં. શ્રી વડતાલ પદયાત્રાની તેમજ મહામંત્ર ઉદ્‌ઘોષદિનની વિશેષ સ્મૃતિસ્વરૂપે સંતભગવંત સાહેબજીએ હસ્ત સ્થાપી પ્રસાદીની કરી આપેલ માળા આ પ્રસંગે ઉપસ્થિત સૌને સ્મૃતિરૂપે અર્પણ કરવામાં આવી.

સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ આવી રહેલા નૂતનવર્ષના આરંભે પ્રભુ અને ગુરુહરિના દૃઢ આશરે રહેવાના ભક્તિમાર્ગે સૌને બળ મળે તે માટે અદ્‌ભુત પ્રાર્થના કરી. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદમાં પ્રગટ ગુરુહરિમાં સમ્યક્ નિર્દોષભાવ રાખી, સૌના ગુણ ગ્રહી, વિવેકસભર ભક્તિ કરવાનાં મનનીય માર્ગદર્શન આપ્યાં. સંતભગવંત સાહેબજીએ પદયાત્રાના આયોજક સંતો અને યુવાનોની ભકિતને બિરદાવી પ્રસન્નતાના આશીર્વાદ વરસાવ્યા. વિશેષ તો, પદયાત્રારૂપી ભક્તિ કરીને એકત્ર કરેલ પુણ્યને અભાવ, અમહિમા, નિંદા અને કૂથલી જેવી - પ્રભુને ના ગમતી ક્રિયાઓ કરી વેડફી ના નાખવાની સુંદર સમજ આપી.

હજારો અક્ષરમુક્તોએ આ પ્રસંગે સત્સંગલાભ પ્રાપ્ત કરી ધન્યતા અનુભવી. પદયાત્રા અને સભાનાં સફળ સંચાલનમાં સેવા-સહકાર આપનાર સૌ અક્ષરમુક્તોનો આ પ્રસંગે આભાર વ્યક્ત કરાયો. ◆






સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોના સાંનિધ્યે શ્રી વડતાલ ધામ પદયાત્રાની માહાત્મ્યદર્શન સભામાં સંમિલિત ભક્ત મહેરામણ

## શ્રદ્ધાંજલિ :

*** પૂજ્ય બળદેવભાઈ પટેલ :**



સંતભગવંત સાહેબજીના કૃપાપાત્ર અનુપમ નિષ્ઠાવાન હરિભક્ત અને વેમાર સત્સંગ મંડળના પાયાની ઈંટ સમાન બળદેવભાઈ ભાઈલાલભાઈ પટેલ ૭ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ અક્ષરધામ સિધાવ્યા. કાનમ પ્રદેશના વેમાર ગામમાં તેઓ સર્વપ્રથમ શૂરવીરતાથી સત્સંગપ્રધાન જીવ્યા. તેઓએ પોતાના ઘરે વખતોવખત સંતભગવંત સાહેબજી અને સંતોની પધરામણી કરાવી અનેકોને સત્સંગનું સુખ અપાવ્યું. તેઓની ભક્તિ અને જડબેસલાક નિષ્ઠાને પરિણામે આખું ગામ સત્સંગના રંગે રંગાયું. બળદેવભાઈનું આવું યોગદાન વેમાર ગામમાં અનુપમ મિશનના મંદિર સર્જનનું એક નિમિત્ત પણ બન્યું અને આજે તે દ્વારા અનંતને સમાસ થાય છે. હૈયામાં રહેલી ભારોભાર ભક્તિ અને અનન્ય મહિમાના સંસ્કારને તેઓના સુપુત્ર રાકેશભાઈએ જાળવી આગળ ધપાવ્યો. બળદેવભાઈએ પ્રગટ સ્વરૂપના કાર્યમાં જોડાઈને આત્માનું કલ્યાણ કરી લીધું. છતી દેહે પ્રાપ્તિનાં પરમ સુખ, શાંતિ અને આનંદની અનુભૂતિમાં અંતિમ શ્વાસ સુધી જીવ્યા. તેઓની ભક્તિને વંદન ધરી શ્રદ્ધાસુમન પાઠવીએ છીએ. ◆

*** પૂજ્ય અશોકભાઈ પટેલ :**



મુંબઈ મંડળના નિષ્ઠાવાન ભક્તરાજ અને સેવાનો પરમભાવ ધરાવતા વડીલ ગૃહસ્થ અશોકભાઈ પટેલ ૯ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ અક્ષરધામ સિધાવ્યા. સૌની સેવામાં તત્પર એવા અશોકભાઈને ભગવાન, ભગવાનના સાધુ અને તેઓનાં સંબંધીનો અનન્ય મહિમા હતો ! કોઈ પણ ભક્તનું કોઈ પણ પ્રકારનું કામ પૂરું કરવાની અજબની ખેવના તેઓના હૈયે ધબકતી. અંતિમ દિવસોમાં તેઓ હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હતા ત્યારે પણ મળવા આવનાર કોઈ કામ અંગે વાત કરે તો તેઓ તરત કહેતા કે, 'આ પથારી પરથી ઊભો થઉં એટલે તમારું કામ પહેલું પતાવી આપીશ.' ૨૦૦૭માં નવી મુંબઈના ખારઘરમાં અનુપમ મિશનનું નૂતન મંદિર સર્જાયું ત્યારે મહંત સાધુ પૂ. દિનેશદાસજી સાથે વ્યાવહારિક કાર્યની વ્યવસ્થા માટે અશોકભાઈની વરણી કરવામાં આવી. તેઓએ મંદિરમાં રહી સૌની સાથે સુહૃદ સંબંધો સાચવ્યા ને તેથી સૌને મંદિરનો અને સંતોનો ખૂબ ગુણ આવ્યો. સેવાનાં આવાં પુણ્યકાર્યોમાં તેઓને તેમનાં ધર્મપત્ની નીનાબહેનનો અદ્‌ભુત સહકાર સાંપડ્યો. અશોકભાઈની ખોટ પૂરી શકાય તેમ નથી. આવા સેવાના વ્યસની અનુપમ સ્વજનને અનંત વંદન અને પરિવારજનો માટે સુહૃદ પ્રાર્થના ! ◆

*** પૂજ્ય ડૉ. જયસુખભાઈ જસાણી :**



ગુરુદેવ યોગીજી મહારાજના પ્રાગટ્યસ્થાન ધારી તથા સમગ્ર અમરેલી પંથકમાં જીવનની અંતિમ પળ સુધી જેઓ સમાજની સેવાને પ્રભુની સેવા માની કાર્યરત રહ્યા અને પ્રભુની સુવાસ પ્રસરાવતા રહ્યા એવા પૂજ્ય જસાણીસાહેબ ૧૧ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ અક્ષરધામ સિધાવ્યા. ૧૯૯૨માં ગુરુદેવ યોગીજી મહારાજના જન્મશતાબ્દી પર્વે સંતભગવંત સાહેબજીના સંકલ્પે ધારી ગામમાં નિર્માણ થયેલ 'યોગીજી મહારાજ મહાવિદ્યાલય'ની પાયાની ઈંટ બનીને તેઓએ અનુપમ સેવા અર્પણ કરી સૌને હૂંફ અને માર્ગદર્શન આપ્યાં એવા અનુપમ માવતર પૂજ્ય જસાણીસાહેબને અનંત વંદન !

અજોડ સમાજસેવક જસાણીસાહેબે સમાજોત્કર્ષ માટે આયખું ખર્ચી કાઢ્યું. શિક્ષણ, આરોગ્ય અને અન્ય અનેક ક્ષેત્રે સમાજસેવાનાં કાર્યો કર્યાં અને આવી સેવામાં જોડાવા ઈચ્છતા અનેકને માર્ગદર્શન આપ્યાં. સમાજના પાયાના પ્રશ્નો અને મુશ્કેલીઓનાં નિવારણ માટે જસાણીસાહેબે કરેલાં નિઃસ્વાર્થ કાર્યોના પરિણામે તેઓએ સૌનાં હૃદયમાં અનોખું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. પોતે ડૉક્ટર હતા તેથી આરોગ્યક્ષેત્રે નિરપેક્ષભાવની સેવા અંતિમ શ્વાસ સુધી કરી. વ્યવહારકુશળ અને શીલવાન વ્યક્તિત્વના ધણી જસાણીસાહેબે

જનસેવા ક્ષેત્રે ઊંચો આદર્શ સ્થાપ્યો. રાજકીય, સરકારી, સહકારી, સામાજિક સંસ્થાઓના અગ્રણીઓને તેમજ સૌ નગરજનોને તેઓ પ્રતિ અનેરો આદરભાવ હતો. જનસેવા દ્વારા પ્રભુ પ્રસન્ન કરવાની તેઓની આવી ભાવનામાં તેઓનાં ધર્મપત્ની રાધામાસીએ સંપૂર્ણ સાથ આપ્યો. પોતાનાં સંતાનો કલ્પુબહેન (કલકત્તા), સ્મિતાબહેન (વડોદરા), અતુલભાઈ (અમદાવાદ) અને અમિતાબહેન (ન્યૂઝીલૅન્ડ) આદિ સૌને સંસ્કારવારસો આપ્યો, જેના પરિણામે સૌ સત્સંગની વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લઈ અનુપમ ભક્તિ અદા કરી રહ્યાં છે. સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોના પરિચયમાં આવ્યા બાદ જીવન તેઓના અર્થે કરી દીધું અને તેઓની આજ્ઞા અનુસાર જીવન વિતાવ્યું. ધારી કેળવણી મંડળ અને અનુપમ મિશનની શૈક્ષણિક સેવાઓમાં સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાનાં માર્ગદર્શને વિકાસ કર્યો અને સદ્‌ગુરુ સાધુ પૂ. અરુણદાદાને ખૂબ સાથ આપ્યો. સેવામૂર્તિ પૂજ્ય જસાણીદાદાને ભક્તિવંદના ધરી પરમ શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ. ◆

**∗ પૂજ્ય મણિબા ઓઝા :**




મોગરી ગામનાં નિવાસી પૂ. મણિબા ૨૯ ડિસેમ્બર ૨૦૨૩ની રાત્રે અક્ષરધામ સિધાવ્યાં. પૂ. મણિબાએ સંતભગવંત સાહેબજી અને સંતોમાં દિવ્યભાવ રાખી અનુપમ મિશનના આરંભિક દિવસોમાં અહોહોભાવે સેવા કરી. જીવનભર આવા જ અદ્‌ભુત ભક્તિભાવે સેવામાં રત રહ્યાં. વર્ષો સુધી અનુપમ મિશન દ્વારા ચાલતી શૈક્ષણિક પ્રવૃત્તિમાં બાળકો માટે પૌષ્ટિક નાસ્તો બનાવવાની સેવા અને પછી યોગી પ્રસાદમાં સંતો અને ભક્તોના મહાપ્રસાદ બનાવવાની સેવામાં સમર્પણભાવે જોડાયેલાં રહ્યાં. સેવા અને ભક્તિના સંસ્કાર તેમના બંને દીકરાઓ ભાવેશભાઈ અને મયંકભાઈ તથા પરિવારજનોને આપી સૌનું જીવન ધન્ય બનાવ્યું. સત્સંગસભામાં નિયમિત હાજર રહી આત્માને બળ પૂરું પાડ્યું. આમ, સેવા અને સત્સંગના સહારે જીવનું કલ્યાણ સાધ્યું. આવાં ભક્તિવાન પૂ. મણિબાને શ્રદ્ધાસુમન સાથે ભાવવંદન ! તેઓના આત્માને શાંતિ મળે અને પરિવારજનોને બળ મળે તે પ્રાર્થના ! ◆

**∗ પૂજ્ય ડૉ. વિષ્ણુભાઈ પટેલ :**



પૂ. ડૉ. વિષ્ણુદાદા મૂળ ભાદરણના વતની, ઉચ્ચ શિક્ષણ માટે વલ્લભવિદ્યાનગર પધાર્યા અને સદ્‌ગુરુ સાધુ પૂ. વી. એસ.દાદા અને પૂ. સનંદદાદા સાથે મૈત્રી થઈ. બંને સંતોનાં જીવન-પરિવર્તનને જોઈને સંતભગવંત સાહેબજી માટે પરમભાવ થયો. વલ્લભવિદ્યાનગરમાં ચાલતી અઠવાડિક સત્સંગસભામાં જોડાયા. અમેરિકા ગયા તે પણ રિટર્ન ટિકિટ લઈને અને જો ન ફાવે તો પરત આવી જઈશું એવા દૃઢ ભાવ સાથે. એક સમયે નક્કી પણ કરી લીધું કે પરત ભારત જવું છે. પરંતુ, સાહેબજીને પૂછીને જ નિર્ણય લઈએ તેમ નક્કી કર્યું, તેથી એક પત્ર મોકલ્યો. તે પત્રના પ્રત્યુત્તરમાં સાહેબજીએ લખ્યું કે, 'આપણે ભારત પાછા નથી આવવું. ભગવાને જ આપણને તેઓનું કાર્ય કરવા માટે અમેરિકા મોકલ્યા છે.' એ પત્ર મળ્યેથી રિટર્ન ટિકિટ ફાડી નાખી અને આજીવન ભગવાનનું કાર્ય કર્યું. શરૂઆતમાં પોતાના ઘરે સત્સંગસભા શરૂ કરી અને ઘરને મંદિર બનાવી સમૈયા-ઉત્સવ કરતા રહ્યા. અને પછીથી તો સમગ્ર અમેરિકા સત્સંગમંડળના પ્રમુખ તરીકે આજીવન સેવાપ્રવૃત્ત રહ્યા. અનેક મિત્રોને, મુમુક્ષુઓને સત્સંગની વાતો કરી સંતભગવંત સાહેબજીમાં જોડ્યા. તન, મન અને ધનનાં પણ અદ્‌ભુત સમર્પણ કર્યાં. સર્વ રીતે ખૂબ ભીડો વેઠ્યો, પરંતુ ભગવાનને પ્રસન્ન કરવાના ભાવથી દૃઢ મનોબળ સાથે સત્સંગની પ્રવૃત્તિમાં સતત રત રહ્યા. તેમાં તેઓનાં ધર્મપત્ની વીરુબાનો અદ્‌ભુત સહકાર પ્રાપ્ત થયો. સેવા-ભક્તિના સંસ્કાર તેઓએ તેમનાં સંતાનો રીટાબહેન અને સંજયભાઈને પણ આપ્યા. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને પૂ. શાંતિદાદા સાથે જીવની પ્રીતિ કરી કલ્યાણના પરમ માર્ગે આગળ વધ્યા. સૌનાં ખૂબ જતન કરી, સૌને મંદિર, મૂર્તિ ને સત્પુરુષ સાથે જોડી અલૌકિક ભક્તિ અદા કરી. સત્સંગના આગેવાનને છાજે તેવા સુહૃદભાવસભર પરમ દાસત્વભાવે વર્તી સત્સંગનું ખૂબ શોભાડ્યું. સદૈવ ભક્તિમાં તલ્લીન રહ્યા થકા પૂ. વિષ્ણુદાદા ૨૯ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ અક્ષરધામ સિધાવ્યા. આજીવન સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોને પ્રાધાન્ય આપી નિષ્ઠાસભર ભક્તિ કરવાના પરમ આદર્શ એવા પૂ. વિષ્ણુદાદાને વિદાય વેળાએ અનંત પ્રણામ ! ◆



CORONARY BYPASS SURGERY

# ॥ सर्वे सन्तु निरामयाः ॥


## કોરોનરી બાયપાસ સર્જરી (CABG)




~ ડૉ. સુકુમાર હ. મહેતા MCH
(સિનિયર કાર્ડિયોથોરાસિક અને વાસ્ક્યુલર સર્જન, અમદાવાદ)

**આ** જ શૃંખલાના અગાઉના અંકમાં આપણે જોઈ ગયા કે, હૃદય કેવી રીતે કામ કરે છે અને તેની રચના કેવી છે. આપણને એ પણ ખબર છે કે, હૃદયને પોતાની કામગીરી કરવા માટે જરૂરી લોહીનો પુરવઠો કોરોનરી ધમની વાટે મળે છે. હૃદયના સ્નાયુમાં ફેલાયેલ આ કોરોનરી ધમનીઓના નેટવર્કમાં કેટલાંક કારણોને લીધે થતા બ્લૉકેજને લીધે વ્યક્તિને હૃદયના સ્નાયુ સુધી પૂરતા પ્રમાણમાં લોહી ન પહોંચવાને કારણે નુકસાન થઈ શકે છે. છાતીના ભાગમાં એક પ્રકારનું શૂળ ઉપડે છે જેને **હૃદયરોગનો હુમલો** અથવા **હાર્ટ ઍટેક** કહેવાય છે. કેટલાકને તો તરત જ **હાર્ટ ફેલ – કાર્ડિયાક અરેસ્ટ** થઈને મૃત્યુ થઈ શકે છે. જો કે, કોરોનરી ધમનીમાં બ્લૉકેજ ધરાવતા બધા જ લોકોને હાર્ટ ઍટેક અથવા હાર્ટ ફેલ થાય તે જરૂરી નથી. ઘણા લોકોને હૃદયની ધમનીમાં રહેલ બ્લૉકેજને લીધે, તેઓ જ્યારે પરિશ્રમ કરે ત્યારે છાતીમાં દબાણ, ગભરામણ કે શૂળનો અનુભવ થાય છે જેને **એન્જાઈના પેક્ટોરીસ** કહેવાય છે. માટે, જો હૃદયની ધમનીના બ્લૉકેજનાં આવાં ચિહ્નો જાણ્યા પછી આવા નુકસાનથી બચવું હોય તો, કોરોનરી ધમનીમાં બ્લૉકેજ છે કે કેમ તે જાણવા માટે કોરોનરી એન્જિયોગ્રાફી ટેસ્ટ કરી અને જો હોય તો બ્લૉકેજનો યોગ્ય ઉપાય કરવો જોઈએ.

**શું કોરોનરી એન્જિયોગ્રાફી કરાવીએ એટલે બ્લૉકેજ નીકળે જ એવું ખરું ?** કોરોનરી એન્જિયોગ્રાફી ટેસ્ટના પરિણામનો રિપોર્ટ અલગ અલગ લોકોને અલગ અલગ આવતો હોય છે. ઘણા લોકોને એન્જિયોગ્રાફી રિપોર્ટ તદ્દન નોર્મલ આવતો હોય છે એટલે કે કોરોનરી એન્જિયોગ્રાફીની ફિલ્મમાં દેખાતી તેમની કોરોનરી ધમનીઓ બિલકુલ અવરોધરહિત હોય છે. કેટલાક લોકોને કોરોનરી ધમનીઓમાં બ્લૉકેજ છે તેવો રિપોર્ટ પણ આવતો હોય છે. એન્જિયોગ્રાફી ટેસ્ટ કરવાથી એ પણ માલૂમ પડે છે કે કેટલી કોરોનરી ધમનીઓમાં બ્લૉકેજ છે, કેટલાં બ્લૉકેજ છે બ્લૉકેજની તીવ્રતા કેટલી છે; એટલે કે કેટલા ટકા ધમની બ્લૉકેજને લીધે સાંકડી થઈ ગઈ છે. માટે એવું જરૂરી નથી કે એન્જિયોગ્રાફી તપાસ કરાવીએ એટલે બધાને બ્લૉકેજ નીકળતાં જ હોય છે.



**જેમને બ્લૉકેજ જણાય તેમણે બાયપાસ સર્જરીનું ઑપરેશન કરાવવું જ પડે ?** કોરોનરી એન્જિયોગ્રાફી ટેસ્ટના પરિણામનો રિપોર્ટ અલગ અલગ લોકોને અલગ અલગ આવતો હોય છે. એવું જરૂરી નથી કે એન્જિયોગ્રાફી તપાસ કરાવીએ એટલે બધાને બ્લૉકેજ નીકળતા જ હોય છે. અને બ્લૉકેજ નીકળે એટલે જરૂરી નથી કે ફરજિયાત બાયપાસ સર્જરી કરાવવી જ પડે! ઘણા બધા લોકોને બ્લૉકેજ હોય છે પરંતુ તેનું પ્રમાણ અને તીવ્રતા એટલી ઓછી હોય છે કે તેમને માત્ર યોગ્ય દવાઓ અને પ્રિવેન્ટિવ ટ્રીટમેન્ટ આપવામાં આવે છે. કેટલાક કિસ્સાઓમાં બ્લૉકેજની તીવ્રતા વધારે હોય અને માત્ર દવાથી ન ચાલે. આવા કિસ્સાઓમાં એન્જિયોપ્લાસ્ટી નામની પ્રક્રિયા વડે બલૂન ફુલાવીને બ્લૉકેજને ખોલી શકાય છે તથા ટૂંક સમયમાં બ્લૉકેજ ફરીથી ન આવે તે માટે ધાતુનો સ્ટૅન્ટ મૂકીને કોરોનરી ધમનીનો અવરોધ દૂર કરી શકાય છે. અમુક કિસ્સાઓમાં બ્લૉકેજ જટિલ પ્રકારના હોય છે, ખૂબ છૂટાછવાયા ફેલાયેલા હોય છે, ઘણી વધારે ધમનીઓને અસર કરતા હોય છે, અમુક વ્યૂહાત્મક જગ્યાએ આવેલા હોય છે, કેલ્શિયમની જમાવટને લીધે સખત અને બરડ થઈ ગયેલા હોય છે અથવા તો બ્લૉકેજનું પ્રમાણ સો ટકા હોવાને લીધે તેમાંથી બલૂન અથવા સ્ટૅન્ટ પસાર કરવા મુશ્કેલ અથવા અશક્ય હોય છે. આવા બધા પ્રકારના બ્લૉકેજ ધરાવતા લોકોને અવશ્ય બાયપાસ સર્જરીની જરૂર પડે છે. માટે એન્જિયોગ્રાફી કરાવનાર દર્દીમાં જે કિસ્સાઓમાં બ્લૉકેજ એવા પ્રકારના હોય કે જેને દવાઓથી કે બલૂનથી મટાડી ન શકાય તેમને જ બાયપાસ સર્જરીની સલાહ આપવામાં આવે છે જેથી કરીને આવા દર્દીઓને ભવિષ્યમાં હૃદયરોગથી થતું મૃત્યુ કે હૃદયરોગનો હુમલો આવતો રોકી શકાય.




**શું બાયપાસ સર્જરી એ જોખમી ઑપરેશન છે ?** બાયપાસ સર્જરી એક મેજર અને જટિલ ઑપરેશન છે. દરેક ઑપરેશનમાં વત્તા-ઓછા અંશે જોખમો અને



કૉમ્પ્લિકેશનની શક્યતા રહેલી હોય છે. મેડિકલ સાયન્સમાં સતત તે ઘટાડવા માટે સંશોધન થતાં હોય છે. જેમ જેમ ડૉકટરોને અનુભવ વધતો જાય તેમ તેમ પરિણામ પણ વધુ ને વધુ સારાં આવવાં લાગે છે અને જોખમ ઘટવાં લાગે છે. ગુજરાતમાં આધુનિક કોરોનરી બાયપાસ સર્જરીની શરૂઆત આ લેખકના હસ્તે ૩૦ વર્ષ પહેલાં ૧૯૯૩માં થયેલી. ત્રણ દાયકામાં ગુજરાતભરમાં ઘણાં શહેરોમાં બાયપાસ સર્જરી માટે સક્ષમ હૉસ્પિટલો છે અને કેટલાય સર્જનો તેમાં પોતાની સેવાઓ આપતા થયા છે. આપણા રાજ્યમાં હજારોની સંખ્યામાં બાયપાસ સર્જરી થતી હોવાથી હવે બાયપાસ સર્જરીમાં જોખમ વધારે પડતું નથી. સામાન્ય સંજોગોમાં ૭ થી ૧૦ દિવસમાં રજા મળી જતી હોય છે. અમુક કિસ્સાઓમાં, જેમનું હૃદય ખૂબ જ નબળું પડી ગયું હોય અને બાયપાસ સર્જરીની સારવાર લેવા આવવામાં ઘણું મોડું કરી દીધું હોય; અથવા હૃદય સિવાયનાં અન્ય અંગો જેવાં કે, ફેફસાં, મૂત્રપિંડ, લીવર, મગજના રોગો પણ લાગુ પડ્યા હોય તેવા લોકોને કૉમ્પ્લિકેશન થવાની શક્યતા વધારે રહે છે. આવી શક્યતાઓ ડૉક્ટર પહેલેથી જ ભાખી શકતા હોય છે અને તે બાબત દર્દીને જાણ કરી અને તેની વિસ્તૃત ચર્ચા કર્યા પછી જ તે કેસને બાયપાસ સર્જરી માટે સ્વીકારતા હોય છે.

**બાયપાસ સર્જરીના પ્રકાર કેટલા અને તેમાંથી શ્રેષ્ઠ પ્રકાર કયો ?** આ ઑપરેશનમાં પગની નસો એટલે કે શિરાઓ અથવા હાથમાંથી લીધેલી કે છાતીના પિંજરામાં અંદર રહેલી ધમનીઓને હૃદયની ધમનીઓ ઉપર બેસાડવામાં આવે છે. બાયપાસ સર્જરીમાં દર્દીના શરીરની જ નલિકાઓ વપરાય છે અને ધાતુનો બનેલ સ્ટૅન્ટ કે તેવો કોઈ બહારનો પદાર્થ બેસાડવામાં આવતો નથી. તેથી બાયપાસની નલિકા રિજેક્ટ થવી કે રિઍક્શન આવવું તેવી શક્યતાઓ રહેતી નથી. બાયપાસ સર્જરીની જુદી જુદી ટૅક્નિક છે. કયા કિસ્સામાં કેવું ઑપરેશન કરવું તે અંગે ડૉક્ટરનો નિર્ણય પૅશન્ટના કેસ પર આધાર રાખે છે. એક જ પ્રકારનું ઑપરેશન બધા કિસ્સાઓમાં લાગુ પડે તેવું હોતું નથી.

૧. **ઑન પંપ CABG :** આ ઑપરેશન માટે દર્દીને **હાર્ટ-લંગ મશીન સાથે** જોડી, હૃદયના ધબકારા રોકીને, હૃદયને સ્થિર કરીને કોરોનરી ધમનીઓ ઉપર ટાંકા લઈને બાયપાસ કરવામાં આવે છે. આ ટૅક્નિક પચાસ વર્ષથી પણ વધુ સમયથી વિશ્વમાં લાખો કેસમાં સફળ અને અસરકારક સાબિત થયેલી છે.




૨. **ઑફ પંપ CABG :** આ ઑપરેશનને **બિટીંગ હાર્ટ સર્જરી** પણ કહેવાય છે. આ ટૅક્નિકમાં હાર્ટ-લંગ મશીનનો ઉપયોગ કરવામાં આવતો નથી અને હૃદયના ધબકારા ચાલુ રાખીને જ ધબકતા હૃદય પર કોરોનરી ધમની સાથે બાયપાસની નલિકા ટાંકા લઈ સાંધવામાં આવે છે. હાલમાં આપણા દેશમાં મોટા ભાગનાં ઑપરેશન આ પદ્ધતિથી કરવામાં આવે છે.

૩. **ટોટલ આર્ટિરિઅલ CABG :** આ ટૅક્નિકમાં શરીરના અન્ય ભાગમાંથી લીધેલી ધમનીઓનો જ ઉપયોગ કરવામાં આવે છે. જ્યારે કોઈને પ્રમાણમાં નાની વયે બાયપાસ સર્જરી કરવાની આવે ત્યારે આવું ધમનીવાળું ઑપરેશન કરવાનું પસંદ કરવામાં આવે છે, કેમ કે બાયપાસ સર્જરીમાં શિરાઓ કરતાં ધમનીઓ વધુ ટકાઉ નીવડે છે.

૪. **મિનિમલી ઈન્વેઝિવ CABG :** કી-હૉલ સર્જરી અથવા નાના કાપામાંથી કરવામાં આવતી બાયપાસ સર્જરી. આ ટૅક્નિકમાં છાતીનું હાડકું કાપીને તેની પાછળ આવેલ હૃદય સુધી પહોંચવાની સ્ટાન્ડર્ડ પદ્ધતિનો ઉપયોગ કરવાને બદલે પાંસળીઓ વચ્ચે આવેલ પોચી જગ્યામાં નાનો કાપો મૂકીને હૃદય પર કામ કરવામાં આવે છે. સામાન્ય રીતે આ કાપો સ્ટાન્ડર્ડ ઑપરેશનના કાપા કરતાં અડધી કે ત્રીજા ભાગની લંબાઈનો એટલે કે આઠથી દસ સેન્ટિમીટર જેટલો લાંબો હોય છે.

**શું બાયપાસ સર્જરી કરાવ્યા પછી ઑપરેશનના ચીરામાં ખૂબ દર્દ થાય?** કોઈ પણ પદ્ધતિ કે કાપા પડે બાયપાસ સર્જરી કરવામાં આવી હોય તો પણ ઑપરેશન પછી અસહ્ય દર્દ થતું નથી. ઍનેસ્થેશિયા અને ઑપરેશનની આધુનિક ટૅક્નિકને કારણે જ્યારે દર્દી ભાનમાં આવે છે ત્યારે નોર્મલ નિદ્રામાંથી જાગ્યા હોય તેવો અનુભવ થાય છે. ઑપરેશન પછી પૅશન્ટ આઈ.સી.યુ.માં રહે તે દરમિયાન આધુનિક દર્દશામક દવાઓ સતત પંપ વડે આપવામાં આવે છે અને તેને લીધે દર્દી જોરથી ઉધરસ ખાય તો પણ તેને છાતી પરના કાપામાં અસહ્ય દુખાવો થતો નથી. આઈ.સી.યુ.માંથી બહાર આવ્યા પછી પણ ઉત્તમ પ્રકારની દર્દશામક દવાઓની મદદથી ઑપરેશનના કાપાવાળા વિસ્તારમાં દર્દનો અનુભવ નહિવત્ જ થતો હોય છે.

**કોરોનરી બાયપાસ સર્જરી જોખમી છે અથવા પીડાદાયક છે તેવા ડરને લીધે સર્જરી ટાળવી જોઈએ નહીં. સામાન્ય રીતે સફળતાપૂર્વક બાયપાસ સર્જરી કરાવ્યા બાદ વર્ષોનાં વર્ષો સુધી દર્દીની જિંદગીની ક્વૉલિટી ખૂબ સરસ રહેતી હોય છે અને દવાથી સારવાર કરાવનાર દર્દીઓ તથા બલૂન એન્જિયોપ્લાસ્ટી વડે સ્ટૅન્ટ બેસાડીને સારવાર કરાવનાર દર્દીઓ કરતાં વધુ સારું પરિણામ સફળ બાયપાસ સર્જરીના લાભાર્થીઓને મળે છે.**

◆





અનુપમ મિશનના શિણાય-કચ્છ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા પૂર્વે શ્રી ઠાકોરજીની નગર શોભાયાત્રામાં ભક્તિભાવે જોડાયેલ અક્ષરમુક્તો અને ભાવિક નગરજનો



મૂર્તિપ્રતિષ્ઠા મુખ્ય સભાનાં મંચદર્શન અને શ્રી ધવલભાઈ આચાર્ય દ્વારા પ્રાસંગિક મહિમાગાન



ગુજરાત વિધાનસભાનાં પૂર્વ અધ્યક્ષા ડૉ. નીમાબહેન આચાર્યનાં અભિવાદન



કચ્છ પ્રદેશના અગ્રણી યુવાનેતા અને લોકસેવક શ્રી ધવલભાઈ આચાર્યનાં અભિવાદન



શિણાય-કચ્છ મંદિર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવમાં સાહેબજીના દિવ્ય સાંનિધ્યે ઉપસ્થિત સંતો



મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવની મુખ્ય સભામાં સાહેબજીનાં આશીર્દાન



ઉપાસના ધામ, શિણાય-કચ્છ મંદિરમાં શ્રી ઠાકોરજીનાં પ્રાણપ્રતિષ્ઠા પૂજન



ઉપાસના ધામ, શિણાય-કચ્છ મંદિરમાં શ્રી ઠાકોરજીને પ્રાણપ્રતિષ્ઠાની આરતી અર્પણ



પ્રાણપ્રતિષ્ઠા બાદ શ્રી ઠાકોરજી મહારાજને અન્નકૂટ અર્ઘ્ય અર્પણ

॥ સ્વામિશ્રીજી ॥



# निमंत्रण



## પોષીપૂર્ણિમા ઉત્સવ

ભગવાન શ્રી સ્વામિનારાયણના ધામરૂપ
અનાદિ અક્ષરબ્રહ્મ
શ્રી ગુણાતીતાનંદસ્વામીજીના દીક્ષા પર્વે,
તપોભૂમિ બ્રહ્મજ્યોતિના
શ્રી મંદિરજીમાં બિરાજમાન
શ્રી ઠાકોરજી મહારાજની મૂર્તિઓના પાટોત્સવ
તથા અનુપમ મિશનના વ્રતધારી સંતોની
અનુપમ વ્રતધારણ તિથિએ
આપને પધારવા, ભક્તિ અને સમર્પણ ધરવા
ભાવભર્યું નિમંત્રણ છે.

**૨૫ જાન્યુઆરી ૨૦૨૪, ગુરુવાર**

સવારે ૯.૦૦ વાગ્યે : શ્રી ઠાકોરજીનાં પાટોત્સવ પૂજન
સવારે ૧૦.૪૫ વાગ્યે : પોષીપૂર્ણિમા માહાત્મ્યસભા

અનુપમ મિશન

**શ્રી સ્વામિનારાયણ અધ્યાત્મ એવં સાંસ્કૃતિક સેવા કેન્દ્ર**
બ્રહ્મજ્યોતિ, અનુપમ મિશન, યોગીજી માર્ગ, મોગરી-૩૮૮ ૩૪૫

સભા અંતે શ્રી ઠાકોરજી મહારાજનો મહાપ્રસાદ સાથે માણીશું.


**Regd. News Paper / Air Mail / Book Post**

To,

Brahmanirzar Monthly R.N.I. New Delhi No.: 69476/86 * Po. Regd. No. AND/303/2024-26
* Date of Publication : 14th of each Month
* Date of Posting : 15th of each Month * Posted at: Vallabh Vidhyanagar Post Office
"Brahmanirzar" Monthly Postal Reg. No. RO - VDR/AND - 303 * Date of Dispatch : 15-01-2024 * Office of Origin : Vallabh vidhyanagar
Founder Editor : Shantibhai F. Patel * Editor : Sandipbhai R. Shah
Published by : Dilipbhai V. Desai on behalf of Anoopam Mission.* Published at : Mogri 388 345, Gujarat
Printed by : Pradip S. Giri * Printed at : Prizam Printers and Publishers Ltd., Amdavad 380 008

**If Undelivered Please return to :**
**Anoopam Mission, Brahmajyoti, Yogiji Marg, Mogri-388 345. Gujarat, India**
**Phone : (02692) 230483, 230544**
**email : amindia@anoopam.org * website: www.anoopam.org**